RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 71* Date: 30.12.2022, Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# હવે બીજાં રાજ્ય-શહેરમાંથી પણ મતદાન શક્ય

## ૯ રાજ્યોની ચૂંટણી પહેલાં સરકારનો મહત્વનો નિર્ણય, ચૂંટણીપંચની રિમોટ વોટિંગ સિસ્ટમ તૈયાર




તા.૨૯

ચૂંટણીપંચે સ્થાનિક પ્રવાસી મતદારો માટે રિમોટ વોટિંગ સિસ્ટમ વિકસાવી છે. આ બાબતે ચૂંટણીપંચે ગુરુવારે જાહેરાત કરી હતી. રિમોટ ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીન એટલે કે ઈફ્સની મદદથી હવે ઘરથી દૂર, અન્ય શહેર અને રાજ્યમાં રહેતા મતદાર વિધાનસભા/લોકસભા ચૂંટણીમાં મતદાન કરી શકશે, એટલે કે તેણે વોટિંગ માટે પોતાના ઘરે જવાની જરૂર નહીં પડે. આયોગ ૧૬મી જાન્યુઆરીએ તમામ રાજકીય પક્ષોને આ ઈફ્સનું લાઈન ડેમોન્સ્ટ્રેશન આપશે.

અન્ય રાજ્યોમાં કામ કરતા લોકો, પરપ્રાંતીય મજૂરો ઈવીએમનો ઉપયોગ કરી શકશે. આનો અર્થ એ નથી કે તેઓ ઘરે બેસીને મતદાન કરી શકશે. ચૂંટણીપંચની સુવિધાનો લાભ લેવા માટે, મતદાનના દિવસે રિમોટ વોટિંગ સ્થળ પર પહોંચવું પડશે. એક અંદાજ મુજબ, દેશમાં ૪૫ કરોડો લોકો એવા છે, જેઓ પોતાનું ઘર અને શહેર છોડીને અન્ય રાજ્યોમાં વસવાટ કરી રહ્યા છે. તેનો કેન્દ્રીય ડેટા ઉપલબ્ધ નથી.

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે જણાવ્યું હતું કે યુવાનો અને શહેરી મતદારોની ઉદાસીનતાને ધ્યાનમાં લેતાં વિચાર કરવામાં આવ્યો છે. ચૂંટણીમાં લોકશાહીમાં તેમની ભાગીદારીને મજબૂત કરવા માટે રિમોટ વોટિંગ એક ક્રાંતિકારી પરિવર્તન હશે. જાહેર ક્ષેત્રની મદદથી બનાવવામાં આવેલ મલ્ટી કોન્સ્ટિટ્યુએન્સી રિમોટ ઈવીએમ એક જ રિમોટ પોલિંગ બૂથથી ૭૨ મતવિસ્તારને હેન્ડલ કરી શકે છે.

શું ચૂંટણીપંચ એનો તાત્કાલિક અમલ કરશે? : ના, એના અમલ પહેલાં કાયદાકીય, વહીવટી અને ટેક્નિકલ પડકારો પર રાજકીય પક્ષોનાં મંતવ્યો પણ માગવામાં આવ્યાં છે. એક નિવેદન અનુસાર, મતદાન પેનલે રિમોટ વોટિંગ પર માત્ર કન્સેપ્ટ નોટ જાહેર કરી છે.

કમિશને કહ્યું હતું કે ×૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાં ૬૭.૪% મતદાન થયું હતું. ચૂંટણીપંચ ૩૦ કરોડથી વધુ મતદારોએ મતાધિકારનો ઉપયોગ નહીં કરવા બાબતે ચિંતિત છે. નવા સ્થળે જતા મતદારો વિવિધ કારણોસર મતદાન માટે રજિસ્ટ્રેશન કરાવી શકતા નથી અને ચૂંટણીમાં મતદાન કરવાનું ચૂકી જાય છે. સ્થાનિક પ્રવાસીઓ પણ મતદાન કરી શકતા નથી એ ચિંતાજનક હતું. તેથી જ રિમોટ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (RVM)ની યોજના બનાવવામાં આવી હતી. પંચે તમામ રાજકીય પક્ષોને ૧૬ જાન્યુઆરીએ બોલાવ્યા છે. તે આ રાજકીય પક્ષોને ઈફ્સ સિસ્ટમ બતાવાશે. આ પછી તેમનાં સૂચનો લેવાશે. આ પછી એ અમલીકરણની પ્રક્રિયા પર આગળ વધશે. ૨૦૨૩માં જમ્મુ અને કાશ્મીર ઉપરાંત દેશનાં ૯ રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે.

જમ્મુ-કાશ્મીર ઉપરાંત દેશનાં નવ રાજ્યમાં ૨૦૨૩માં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. આવી સ્થિતિમાં ઈવીએમને આ દિશામાં એક મોટું પગલું માનવામાં આવી રહ્યું છે. જે રાજ્યોમાં ચૂંટણી આવવાની છે, એમાં ત્રિપુરા, મેઘાલય, નાગાલેન્ડ, કર્ણાટક, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, મિઝોરમ, તેલંગાણા અને રાજસ્થાનનો સમાવેશ થાય છે.જો આ વોટિંગ સિસ્ટમને લીલી ઝંડી મળી જશે તો સ્થળાંતર કરનારા લોકો એટલે કે અન્ય શહેરો કે રાજ્યોમાં ઘરથી દૂર રહેતા લોકો માટે મતદાનનું ટેન્શન સમાપ્ત થઈ જશે. તેઓ તેમના રહેઠાણના સ્થળ માટે ત્યાં ન રહેતા નેતાઓને ચૂંટવામાં ભાગ લઈ શકશે. એક સામાન્ય ભાષામાં સમજીએ કે ધારો કે તમે સુરતમાં રહો છો અને તમારો મત આપવાનો અધિકાર ઉત્તર પ્રદેશમાં છે તો હવે તમારે મત આપવા માટે ઉત્તર પ્રદેશ જવાની જરૂર નથી, સુરતમાં બેઠા બેઠા મત આપી શકશો.ઘણી વખત લોકો અભ્યાસ અને નોકરી માટે બીજા શહેરોમાં જાય છે અને પછી ચૂંટણી દરમિયાન ત્યાંથી તેમના ઘર સુધી પહોંચવું તેમના માટે મુશ્કેલ બની જાય છે. આવી સ્થિતિમાં મોટી સંખ્યામાં મતદારો તેમના મતાધિકારથી વંચિત રહી જતા હોય છે.જો કે, ચૂંટણી પંચ દ્વારા તૈયાર કરાયેલ ઈફ્સ મશીનથી કોઈપણ વ્યક્તિ દૂરના સ્થળેથી મતદાન કરી શકશે. આ મશીન એક રિમોટ પોલિંગ બૂથથી ૭૨ અલગ-અલગ બૂથ પર મતદાન કરાવી શકે છે.૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં, મોટી સંખ્યામાં લોકો સ્થળાંતરને કારણે મતદાન કરી શક્યા ન હતા. ચૂંટણી પંચના કહેવા મુજબ, ૨૦૧૯માં ૬૭.૪ ટકા લોકોએ મતદાન કર્યું હતું. આ દરમિયાન ૩૦ કરોડથી વધુ મતદારોએ મતદાન કર્યું ન હતું. આ સમસ્યાને દૂર કરવા માટે ચૂંટણી પંચે ઈફ્સ તૈયાર કર્યું છે.ચૂંટણી પંચ એવું ઈચ્છે છે કે મતદાનમાં સુધારો થાય અને ચૂંટણીમાં વધુમાં વધુ લોકોની ભાગીદારી સુનિશ્ચિત કરી શકાય. તેમજ દૂર-દૂરના વિસ્તારોમાં રહેતા લોકોને કોઈપણ મુશ્કેલી વિના મતદાન કરવાની તક મળે.

## કેરળમાં ત્રાટક્યુ એનઆઇએ,પીએફઆઇ નેતાઓના ૫૬ સ્થળોએ દરોડા પાડયા




કોચ્ચી,તા.૨૯

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)એ પ્રતિબંધિત પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા (પીએફઆઈ) ના બીજી હરોળના નેતાઓને નિશાન બનાવીને ગુરુવારે વહેલી સવારે કેરળમાં ૫૬ સ્થળોએ વ્યાપક સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. પીએફઆઈના નેતાઓ દ્વારા પ્રતિબંધિત સંગઠનને અન્ય કોઈ નામથી ફરીથી શરૂ કરવાની યોજનાને અમલમાં મૂકવામાં આવી રહ્યું હોવાની વિગતોને આધારે નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ દરોડા પાડ્યા હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું. જ્યારે એર્નાકુલમમાં પીએફઆઈના નેતાઓ સાથે જોડાયેલ આઠ જગ્યાઓ પર દરોડા પાડવામાં આવ્યા હતા, તિરુવનંતપુરમમાં છ જગ્યાઓ એનઆઈએના રડાર પર હતી. એનઆઇએએ આ દરોડા આજે વહેલી સવારે ૪ વાગ્યે શરૂ કર્યા હતા.આ સમાચાર લખ્યા ત્યાં સુધી દરોડાની કાર્યવાહી ચાલુ રહેવા પામી છે.અત્રે ઉલ્લેખનીય છે કે પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયાની સ્થાપના ૨૦૦૬ના વર્ષમાં કેરળમાં થઈ હતી. પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયાએ ૨૦૦૯માં, સોશિયલ ડેમોક્રેટિક પાર્ટી ઓફ ઈન્ડિયાની પણ રચના કરી હતી. જે એક રાજકીય મોરચો ગણાય છે.નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ ગયા મહિને નવેમ્બરમાં કેરળમાં પ્રતિબંધિત પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયાના ત્રણ સ્થળો પર પણ દરોડા પાડ્યા હતા. આ દરમિયાન એક અધિકારીએ જણાવ્યું કે દેશમાં આતંકવાદી ગતિવિધિઓને અંજામ આપવા માટે પીએફઆઈના ગુનાહિત કાવતરાથી સંબંધિત કેસ હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી છે.રિપોર્ટ્સ અનુસાર, દ્વૈંછના પ્રવક્તાએ કહ્યું હતું કે, કેરળ રાજ્યના મલપ્પુરમ જિલ્લામાં શંકાસ્પદ સ્થળો પર દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ દરમિયાન ડિજિટલ સાધનો અને દસ્તાવેજો સહિતની વાંધાજનક સામગ્રી મળી આવી હતી. આ પહેલા ૨૨ સપ્ટેમ્બરે દેશભરમાં ૩૯ સ્થળોએ PFIના અલગ અલગ ઠેકાણાઓ ઉપર પણ દરોડા પાડવામાં આવ્યા હતા. આ કેસમાં અત્યાર સુધીમાં ૨૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

## હિમાચલમાં રેસ્ટોરન્ટો ૨૪ કલાક ખુલ્લી,જેસલમેરમાં ડ્યુન્સ ડિનર, ગોવામાં જાહેર આતશબાજી કરાશે




નવીદિલ્હી,તા.૨૯

નવું વર્ષ બારણે ટકોરા મારી રહ્યું છે. આ વખતે નવું વર્ષ લૉન્ગ વીકેન્ડમાં આવી રહ્યું છે. નવા વર્ષના ઉમંગ અને રજાઓના કારણે પ્રવાસીઓનો ઉત્સાહ બેવડાઈ ગયો છે. આ વખતે બે વર્ષના કોરોનાકાળ પછી પહેલીવાર દેશના પ્રવાસન સ્થળોએ રોનક દેખાઈ રહી છે. પહાડો, રણપ્રદેશ અને સમુદ્ર કિનારો ધરાવતા કાશ્મીર, હિમાચલ, રાજસ્થાન અને ગોવામાં તો વિશેષ તૈયારી કરાઈ છે. હિમાચલ પ્રદેશમાં પ્રવાસીઓને આકર્ષવા માટે પહેલીવાર બીજી જાન્યુઆરી સુધી રેસ્ટોરન્ટ-ઢાબા ૨૪ કલાક ખુલ્લા રાખવાની મંજૂરી અપાઈ છે. કાશ્મીરમાં આ વખતે પ્રવાસીઓ એલઓસી નજીક વિલેજ ટુરિઝમને પણ પસંદ કરી રહ્યા છે.

કાશ્મીરના પરંપરાગત પ્રવાસન સ્થળોની સાથે બારામુલા, કુપવાડા અને બાંદીપોરા જિલ્લામાં એલઓસી વિલેજ ટુરિઝમની ભારે બોલબાલા છે. ગુરેઝમાં દોઢ લાખ અને કુપવાડામાં એક લાખ સહેલાણી આવી ચૂક્યા છે. રાજસ્થાનની રાજધાની જયપુર સહિત જોધપુર અને જેસલમેરમાં પણ મોટા પાયે પ્રવાસીઓ આવી રહ્યા છે. પૂર્વ રાજસ્થાનના ધોરોમાં ક્રિસમસ વિકેન્ડમાં મોટી સંખ્યામાં લોકો આવ્યા છે. દેશની 'પાર્ટી કેપિટલ' તરીકે પ્રસિદ્ધ ગોવામાં પણ આ વખતે બે વર્ષ પછી પહેલીવાર સ્પેશિયલ બીચ પાર્ટીઓના આયોજનને મંજૂરી અપાઈ છે. આ પાર્ટીઓમાં દેશમાંથી જ નહીં, પરંતુ વિદેશોમાંથી પણ લોકો મોટા પાયે ઊમટી રહ્યા છે.

હિમાચલ પ્રદેશમાં સ્થાનિક વાનગીઓ અને હોમ સ્ટેનું પેકેજ પ્રવાસીઓમાં લોકપ્રિય છે. લાહૌલના સિસ્સુમાં હોમ સ્ટે ચલાવતા ટેનજરિંગ બાચીરપ્પા કહે છે કે, લાહૌલ ટનલથી પ્રવાસીઓ માટે રસ્તો વધુ સરળ થઇ ગયો છે. અટલ ટનલ બનતા પહેલા આ વિસ્તારમાં આશરે ૨૫ હોટલ હતી, પરંતુ હવે અહીં સેંકડો હોટલ અને હોમ સ્ટે પણ છે.

શ્રીનગરની એક હોટેલના મેનેજર યાવર કહે છે કે ગુલમર્ગ અને પહેલગામ સહિત અન્ય પર્યટન સ્થળોએ નવા વર્ષે ભારે હિમવર્ષાની શક્યતા છે. પર્યટકોની જાન્યુઆરીના પહેલા પખવાડિયા સુધી બમ્પર અવર-જવર રહેવાની શક્યતા છે.કાશ્મીરમાં એલઓસી નજીકથી અમુક ગામડાને એપલ, હેન્ડીક્રાફ્ટ અને અન્ય વિશેષતાઓના આધારે વર્ગીકૃત કરાયા છે. પર્યટન વિભાગના નિર્દેશક ફઝલ ઉલ હસીબ કહે છે કે હોમ સ્ટે, હાઉસ બોટ અને પ્રાઈવેટ હોમ્સમાં પણ ટુરિસ્ટ સ્ટેને મંજૂરી અપાઈ છે.

લેકસિટી જી-૨૦ ઈવેન્ટને કારણે આ વર્ષે વીઆઈપી ડેસ્ટિનેશન બનીને ઉભરી આવ્યું છે. અનેક પ્રસિદ્ધ લોકો અહીં આવી રહ્યા છે. પરિવાર સાથે નવા વર્ષની ઉજવણી કરવા જઇ રહ્યા છે. અનેક હોટલ-રિસોર્ટ, લેક સાઈટ રેસ્ટોરન્ટમાં કન્સર્ટ, ડીજે નાઈટ યોજાશે. ન્યૂ યર પાર્ટીના ૬૦૦૦થી ૧૫ હજાર પ્રતિ વ્યક્તિના પેકેજ અપાઈ રહ્યા છે. આ પેકેજ અગાઉ કરતા ૨૦% મોંઘા છે.

શહેરની અનેક શેરીઓમાં બ્લૂ પેઈન્ટિંગ્સ લગાવાયા છે. ટુરિસ્ટ બ્લૂ સિટીના આ નજારાના ફોટા શેર પણ કરી રહ્યા છે. મંડોરના પ્રસિદ્ધ લાઈટ એન્ડ સાઉન્ડ શૉ અને ઘંટાઘરમાં નાઈટ બજાર પર્યટકોને આકર્ષી રહ્યા છે. લેપર્ડ સફારીને કારણે જવાઈ ડેમ નવું ટુરિસ્ટ ડેસ્ટિનેશન બની ગયું છે. જોધપુર આવતા પર્યટકોએ માઉન્ટ આબુ અને જવાઈ ડેમ માટે બુકિંગ પણ કરાવ્યા છે. ગોવામાં ન્યૂયર માટે ૮૦ સ્પેશિયલ પાર્ટીને મંજૂરી અપાઈ છે. તેમાં માંડવી નદી કિનારે પણ પાર્ટી યોજાશે. પણજીના ઈવેન્ટ મેનેજર રોશેન મોન્ટેરા કહે છે કે હોટેલોએ બાળકો-વૃદ્ધો માટે ખાસ ઘોંઘાટ વગરની પાર્ટી આયોજિત કરી છે. બીચ પર બે વર્ષ પછી જાહેરમાં આતશબાજી કરાશે.

## અમને યાત્રામાં જોડાવા માટે કોઈ આમંત્રણ મળ્યું નથીઃ યેચુરી

નવીદિલ્હી,તા.૨૯

રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસની ભારત જોડો યાત્રા વિરામ બાદ ૩ જાન્યુઆરીએ ફરી શરૂ થશે. કોંગ્રેસે ભારત જોડો યાત્રા દ્વારા વિપક્ષને એક કરવાના પ્રયાસ શરૂ કર્યા છે. જેના કારણે કોંગ્રેસે તમામ વિપક્ષી નેતાઓને ભારત જોડો યાત્રામાં સામેલ થવા માટે આમંત્રણ પાઠવ્યું છે. જ્યારે સીપીઆઇ(એમ)ના નેતા સીતારામ યેચુરીને પૂછવામાં આવ્યું કે, શું તેઓ રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રામાં હાજરી આપશે તો તેમણે કહ્યું કે, અમને યાત્રામાં જોડાવા માટે કોઈ આમંત્રણ મળ્યું નથી.

આ પહેલા કોંગ્રેસના નેતા કેસી વેણુગોપાલે યુપીમા એસપી અને આરએલડીની ભારત જોડો યાત્રામાં સામેલ થવાના સવાલ પર કહ્યું હતું કે, આ યાત્રા ભારતને જોડવાની છે. અમે વિભાજનકારી રાજનીતિનો મુદ્દો ઉઠાવી રહ્યા છીએ, અમે બેરોજગારી અને મોંઘવારીનો મુદ્દો ઉઠાવી રહ્યા છીએ. હવે વિરોધ પક્ષોએ નક્કી કરવાનું છે કે, તેઓ જોડાશે કે નહીં. જે પક્ષો અમારા વિચારો સાથે સહમત છે તે ભારત જોડો યાત્રામાં જોડાઈ શકે છે.

રાહુલ ગાંધી કન્યાકુમારીથી કાશ્મીર સુધી ૩૫૭૦ કિલોમીટરની યાત્રા કરી રહ્યા છે. આ યાત્રાએ ૧૦૭ દિવસમાં ૯ રાજ્યોના ૪૬ જિલ્લાઓને આવરી લીધા છે અને લગભગ ૩૦૦૦ કિલોમીટરનું અંતર કાપ્યું છે. આ દરમિયાન કોંગ્રેસ દ્વારા તમામ સહયોગી પક્ષો અને મુખ્ય વિરોધ પક્ષોને આમંત્રણ મોકલવામાં આવ્યા હતા. તામિલનાડુમાં સ્દ્ઘ સ્ટાલિન, મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેની પાર્ટીના નેતાઓએ પણ આ યાત્રામાં ભાગ લીધો હતો. હવે યુપીમાં રાહુલ ગાંધી વતી અખિલેશ યાદવ, માયાવતી અને જયંત ચૌધરીને આમંત્રણ મોકલવામાં આવ્યું છે. જોકે, જયંત ચૌધરીએ તેમાં જોડાવાનો ઈક્કાર કરી દીધો છે. જ્યારે એસપી અને બીએસપી તરફથી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી.

ઉત્તર પ્રદેશના રાજકારણમાં રાહુલ ગાંધી દ્વારા વિપક્ષી નેતાઓને મોકલવામાં આવેલા આમંત્રણને લઈને રાજકારણમાં ગરમાટો ફેલાઈ ગયો છે. રાહુલ ગાંધી દ્વારા અખિલેશ યાદવ, માયાવતી અને જયંત ચૌધરીને મોકલવામાં આવેલા આમંત્રણ પત્રો પહોંચી ગયા છે. જયંત ચૌધરી સિવાય, રાહુલની પદયાત્રામાં ભાગ લેવો કે નહીં તે અંગે અન્ય કોઈ મોટા નેતા તરફથી કોઈ ઔપચારિક નિવેદન બહાર આવ્યું નથી.

રાહુલ તરફથી મળેલા પ્રસ્તાવ બાદ ઈન્દ્ઘએ નિર્ણય લીધો છે કે, જયંત ચૌધરી કોંગ્રેસની ભારત જોડો યાત્રામાં ભાગ નહીં લે. આ માટે કારણ આપવામાં આવ્યું હતું.

## હવામાનઃ આગામી ૫ દિવસમાં ઠંડીનો ચમકારો વધશે

નવીદિલ્હી,તા.૨૯

દિલ્હી-એનસીઆરમાં ઠંડી અને શીતલહેર વધી રહી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ૩૧ ડિસેમ્બરથી ફરીથી શીતલહેર અને ગાઢ ધુમ્મસનો પ્રકોપ વધશે. સાથે જ બે જાન્યુઆરી સુધી ન્યૂનત્તમ તાપમાનમાં ચાર ડિગ્રીનો ઘટાડો આવશે. જો કે, બુધવારે દિલ્હીમાં કડકડતી ઠંડીથી થોડી રાહત મળશે, પણ હરિયાણા અને ઉત્તર પ્રદેશના કેટલાય વિસ્તારોમાં સવારના સમયે ગાઢ ધુમ્મસ છવાયેલો રહેશે. તો વળી ગૌતમબુદ્ધ નગર પ્રશાસને ઠંડીની સિઝનને જોતા નોઈડા અને ગ્રેટર નોઈડામાં આઠમા ધોરણ સુધીના ક્લાસ એક જાન્યુઆરી સુધી બંધ રાખવાનો નિર્ણય લીધો છે.

ડીઆઈઓએસ ધર્મવીર સિંહે જણાવ્યું છે કે, જિલ્લા મજિસ્ટ્રેટ સુહાસ એલવાઈ તરફથી આદેશ જાહેર કર્યા છે, તેમણે જણાવ્યું છે કે, આદેશ અનુસાર, આઠમા ધોરણ સુધીના વિદ્યાર્થીઓ માટે એક જાન્યુઆરી ૨૦૨૩ સુધી સ્કૂલોમાં ક્લાસ ચાલુ રહેસે નહીં. તમામ પ્રધાનાધ્યાપક આ આદેશનું પાલન કરે.

હકીકતમાં જોઈએ તો, રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં બુધવારે લોકોને ઠંડીથી થોડી રાહત મળશે. જો કે, આ રાહત ફક્ત થોડા દિવસ માટે જ હશે, અને જાન્યુઆરીમાં ઠંડીનો પ્રકોપ ફરીથી વધવાના અણસાર છે.

રેલ્વેના એક પ્રવક્તાએ જણાવ્યું છે કે, ગાઢ ધુમ્મસના કારણે દિલ્હી જતી ૧૪ ટ્રેન મોડી ચાલી રહી છે.

સફદરજંગ વેધશાલામાં બુધવારે ન્યૂનતમ તાપમાન ૬.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. મંગળવારે ન્યૂનતમ તાપમાન ૫.૬ ડિગ્રી સેલ્સિયસ અને સોમવારે પાંચ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

## તંત્રી સ્થાનેથી...

# રાજ્યોની તકરાર

*મહારાષ્ટ્ર અને કર્ણાટક વચ્ચે સીમા વિવાદ મુદ્દે તકરાર વધતી જ જાય છે, તેનાથી રાજકીય ખેંચતાણ જ નહીં, બલ્કે સ્થાનિક લોકોમાં ચિંતા પણ વધી રહી છે. કર્ણાટક વિધાનસભાએ એક પ્રસ્તાવ પસાર કર્યો હતો, જેમાં સીમા વિવાદ પર સમજૂતી નહીં કરવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે. હવે તેના જવાબમાં મહારાષ્ટ્ર વિધાનસભાએ પણ એક પ્રસ્તાવ પસાર કર્યો છે, જેથી વિવાદિત ક્ષેત્રોને જલ્દી મહારાષ્ટ્રમાં સામેલ કરી લેવાય. મહારાષ્ટ્ર વિધાનસભામાં સોમવારે કર્ણાટક-મહારાષ્ટ્ર સીમા વિવાદના પ્રસ્તાવને લઈને અનિશ્ચિતતા વર્તાતી હતી, કારણ કે સત્તારૂઢ ગઠબંધન પાર્ટીના બંને ઘટકો બાલાસાહેબચી શિવસેના (બીએસએસ) અને ભાજપ આ મામલે એકમત ન હતા. મજબૂરીમાં ભાજપે પણ બીએસએસને સમર્થન આપવું જ પડ્યું. શિવસેનામાં વિભાજન બાદ પહેલી વાર ઉદ્ધવ ઠાકરેએ શિંદેને કોઈ મુદ્દે સમર્થન આપ્યું છે. ઉદ્ધવના આ સમર્થનના રાજકીય અર્થ સમજી શકાય છે. આ પ્રસ્તાવ ભવિષ્યમાં ભાજપ અને બીએસએસ વચ્ચે અંતર વધારી શકે છે.*

*આ સમગ્ર વિવાદમાં ભાજપ માટે મુસીબત વધી શકે છે. મહારાષ્ટ્રને ખુશ કરવામાં કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં મુશ્કેલી પડે એમ છે અને કર્ણાટકને સાચવવા જતાં મહારાષ્ટ્રમાં ખેલ બગડે એમ છે. શિવસેનાનાં બંને જૂથોનું કર્ણાટકમાં વજૂદ નથી, પણ ભાજપ માટે કર્ણાટકનું બહુ મહત્ત્વ છે. ભાજપ કર્ણાટકમાં પણ દબાણમાં હતી, તેથી તેણે ગુરુવારે પ્રસ્તાવ પસાર કરી દીધો. હવે જવાબમાં મહારાષ્ટ્રમાં જે પ્રસ્તાવ પસાર થયો છે, તેમાં પણ ભાજપ ભાગીદાર છે. આ એક એવો વિવાદ થઈ ગયો છે, જેને ઉકેલવા માટે પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વએ આગળ આવવું પડશે. વિવાદિત ભૂમિ કોઈના પણ પક્ષમાં જાય, ભાજપને નુક્સાન થવાનું નક્કી છે. હંમેશાં દાવો કરવામાં આવે છે કે ડબલ એન્જિનની સરકાર વધુ સારી હોય છે. કર્ણાટક અને મહારાષ્ટ્ર બંને જગ્યાએ ભાજપ સરકારમાં છે, તેનાથી ફાયદાની આશા બંને રાજ્યોમાં લોકોને હોય તે સ્વાભાવિક છે. આ બીજી પાર્ટીઓ માટે રાજકીય અનુકૂળતાનો સમય છે, જ્યારે ભાજપ માટે પ્રતિકૂળતાનો. નુક્સાનથી બચવા માટે ભાજપે કર્ણાટકમાં સચેત રહેવું પડશે અને મહારાષ્ટ્રમાં પણ. યાદ રહે, કર્ણાટક રાજ્ય મહારાષ્ટ્રની સીમામાં આવેલ ૪૦ ગામો પર દાવો કરી રહ્યું છે, તો મહારાષ્ટ્રને કર્ણાટકના ૮૬૫ મરાઠીભાષી ગામો જોઈએ. આ વિવાદ સુપ્રીમ કોર્ટમાં પણ ગયો છે. સુપ્રીમ કોર્ટે તેને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવાનું સૂચન આપ્યું હતું, પરંતુ એના પર આગળ કામ ન થયું, કારણ કે તેના માટે બંને રાજ્યો સહમત ન થયાં. આવા કેસો અદાલતોમાં નહીં, રાજકીય મેદાનમાં સંવાદથી ઉકલે ત્યારે જ સ્થાયી સમાધાન નીકળી શકે છે. દેશમાં એવા કેટલાય વિસ્તારો છે જ્યાં આ પ્રકારની ચર્ચા થતી રહે છે, પરંતુ વિવાદ નથી ઊભા કરવામાં આવતા મહારાષ્ટ્ર અને કર્ણાટક વચ્ચે પણ આ વિવાદ ઊભો ન થવો જોઈએ, પરંતુ કર્ણાટકમાં મુખ્યમંત્રી બસવરાજ બોમ્મઈ અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે, બંને આ મુદ્દે આક્રમક દેખાઈ રહ્યા છે. મામલો વધુ બગડે તેના પહેલાં કેન્દ્રીય રાજકીય નેતૃત્વ અને ન્યાયપાલિકાએ સક્રિય થઈ જવું જોઈએ.*

## બિહારમાં કાયદો વ્યવસ્થા ધ્વસ્ત,નીતીશ સરકારને બરતરફ કરવામાં આવે : ચિરાગ પાસવાન

પટણા,તા.૨૯

લોકજનશક્તિ પાર્ટી (રામવિલાસ)ના અધ્યક્ષ અને લોકસભા સાંસદ ચિરાગ પાસવાને ગૃહમંત્રી અમિત શાહની મુલાકાત કરી હતી.આ દરમિયાન ચિરાગ પાસવાને અમિત શાહની સામે બિહારની કાયદો વ્યવસ્થાને લઇ મુદ્દો ઉઠાવ્યો.ચિરાગે કહ્યું કે બિહારમાં કાયદોનું શાસન સમાપ્ત થઇ ચુકી છે.તેમણે ગૃહમંત્રી અમિત શાહને નીતીશકુમાર સરકારને રાજયમાંથી બરતરફ કરવાની માંગ કરી.ચિરાગ પાસવાને અમિત શાહને પોતાની પાર્ટીનું આવેદન પત્ર સોંપ્યું જેમાં તેમણે આરોપ લગાવ્યો છે કે બિહારમાં સરકારી સંરક્ષણમાં શરાબ માફિયા બેકાબુ થઇ રહ્યાં છે રાજયમાં જયાં શરાબબંધી છે ત્યાં મોટી સંખ્યામાં લોકો ઝેરી શરાબ પીને મરી રહ્યાં છે તેમણે કહ્યું કે એ કહેવું ખોટું હશે નહીં કે બિહારમાં કાયદાનું રાજ ખત્મ થઇ ગયું છે.ચિરાગ પાસવાને પોતાના આવેદનપત્રમાં લખ્યું છે કે બિહારમાં અપરાધને લઇ લોકો પરેશાન છે શરાબ માફિયા અને ધંધાદારીને પ્રશાસનિક સંરક્ષણ આપવામાં આવી રહ્યું છે જેને કારણે હજારો લોકોને પોતાના જીવ ગુમાવવા પડી રહ્યાં છે.આ ઘટનાઓથી બિહારમાં હાહાકાર મચી છે પરંતુ સરકાર મુકદર્શક બની બેઠી છે.

તેમણે કહ્યું કે ૧૭ ડિસેમ્બરે બિહારના રાજયપાલ ફાગુ ચૌહાણની પણ મુલાકાત કરી હતી અને બિહારની સ્થિતિથી માહિતગાર કર્યા હતાં આ સંબંધમાં પાર્ટીએ બિહારમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાની વિનંતી કરી હતી પાસવાને બિહારની તમામ ઘટનાઓનો ઉલ્લેખ કરી અમિત શાહની સામે પોતાની માંગ રાખી હતી.એ યાદ રહે કે ચિરાગ પાસવાન,નીતીશકુમારના વિરોધને કારણે ૨૦૨૦માં રાજય વિધાનસભા ચુંટણી પહેલા ભાજપના નેતૃત્વવાળા એનડીએથી બહાર થઇ ગયા હતાં.

અણધાર્યું અડપલું  
કેવું આહ્લાદક હોય છે,  
નદી જેમ સૂતેલી ભાર્યા નિહાળવાનું.  
એક ઔંસબિંદુ જમી જઇને બરફ થયું.  
બંધ આંખે સ્વપ્નોની સંગીતમસ સુરાવલિ.  
ઊંઘમાં ખલેલ પહોંચાડ્યા વિના,  
મુલાયમ સુંગધી કેશરાશિમાં ટેરવાના હળથી ખેડ કરવાની!!  
મધમીઠી વ્હાલની નિશાની અધરોથી અંકિત કરવાની!!  
વ્હાલી વનિતાને સરિતા માની હસ્તાલિંગન કરવાની.  
આના માટે કવિ થવું જરૂરી નથી,  
નિતાંત વર કમ સાધંત પ્રેમી હોવું પર્યાપ્ત છે!!  
આવું જ કંઇક શાંત તોફાન રાત્રે થઇ ગયું.  
વરૂણદેવે અણધાર્યું આગમન કર્યું.  
વાદળ- વીજળી મોરની બાંગ નદારદ!!  
વરૂણદેવ ગુપચુપ ચુપચાપ અવનિને અડપલું કર્યું,  
જલોધરથી માવઠાની ચુમીઓ ચોડી ગયા!!  
પ્રણય કેલિ બાદ વનિતાના વદન પર સંતૃપ્તિનું આભામંડળ હોય,  
તેમ અવનિએ પારિજાતની સોડમ મહેકે!!  
સાલ્લું આપણને કંઇ અણસાર કે અહેસાસ ન થયો ,  
છતાં આપણે સંવેદનશીલ છીએ!!  
ભરત વૈષ્ણવ  
૨૯.૧૨.૨૦૨૧.# કાવ્ય

# ઉનાના યુવાનને સાપ જમણા પગની ત્રીજી આંગળીએ નવ નવ વાર શું કામ કરડ્યો? વાંચો સાપનો ઇન્ટરવ્યું!!!

" રાજુ ફટાફટ તૈયાર થઇ જા. આપણે કવરેજ કરવા ખોટા રૂપિયાની જેમ પહોંચવાનું છે" બખડજંતર ચેનલના બે માથાળા એટલે કે ૧/૫ રાવણ સમાન બાબુલાલ બબુચક (બાબુલાલનું તખલ્લુસ બબુચક નથી. બબુચક એ અમે, પાડેલ નામ, સર્વનામ , ઉપનામ ,બહુનામ છે!!) બંદૂકની સનસન છૂટતી ગોળી જેમ હુકમો કરે છે. કંઇ સવાલ કરીએ તો કહેલી વાતનું બાષ્પીભવન થઇ જતું હોવાથી ગભરાઇ જાય છે. પછી ગેંગેંફેંફેં કરે છે અને મગજ ગુમાવી 'ગિરધરલાલ તમે ડોબા હોવ એ તો સમજ્યા પણ રાજુ રદી પણ ડોબો છે. બંને જણ ડોબા શિરોમણિ છો 'એમ અપમાન કરી ચેન્બરના દરવાજા દેખાડી દે છે.!!) ઇન્ટરવ્યું લેવા જવાની સૂચના આપી છે. અમારી બખડજંતર ચેનલ સાહેબે વેચેલી ચા જેવી ચેનલ છે. સાહેબે વેચેલી ચા કોઇએ પીધી હોવાનો કોઇ દાવો કરતું નથી. આ રીતે અમારી બખડજંતર ચેનલ કોઇએ જોઇ હોવાનો દાવો કોઇ કરતું નથી. અમે નેગેટીવ ટીઆરપીમાં નંબર વન છે. અમને પછાડી શકે તેવા કોઇ હરીફ દૂર દૂર સુધી દેખાતું નથી!! સ્ટાફમાં હું અને રાજુ રદી જ છીએ. સત્તાવાર તો કાજુ રદી ચીફ કેમેરામેન છે. હકીકતમાં કેમેરાનેન ઉપરાંત ડ્રાઇવર, વેઇટર, પ્યુન, કલિનર ઇત્યાદિ રાજુ છે. આવું અમારું છે. અમે ચીફ એડીટર છીએ. પણ બાબુલાલ માટે ચાનો ઓર્ડર આપવા ચાની કીટલીએ અમે જ જઇએ છીએ. ખાનગી ચેનલોમાં આવું જ સખળડખળ, બખડજંતર ચાલતું હોય છે!!

" ગિરધરભાઇ. કયાં ખોવાઈ ગયા?" રાજુએ મને હલાવીને મારી વિચારની વાતમાં વરવો વિક્ષેપ પાડ્યો!!

" ક્યાંય નહીં! આપણી હાલાકી વિશે વિચારતો હતો." મેં સ્પષ્ટતા કરી .

" ગિરધરભાઇ. આપણે યુએન મહેતા જવાનું છે?" રાજુએ ઉત્સુકતાથી પૂછયું.

" ના. રાજુ? આપણે સાપના ભોણમાં જવાનું છે!!" મેં રાજુને સ્પોટ વિશે કહ્યું.

" વોટ? સાપનો ઇન્ટરવ્યુ. બટ વ્હાય?? તમે લપકવા વિરોધી રસી લીધી છે??" રાજુએ સવાલની બૌછાર વરસાવી.

" કેમ એવું પૂછે છે!" મારો સવાલ.

" કૂતરું કરડવાથી હડકવા થાય છે. સર્પદંશથી સાપની જેમ ફેણ ચડાવી જીભ લપક લપક ન થાય એ માટે કોઇ રસી આવતી હશે ને?" રાજુએ ભોળા ભાવે સ્પષ્ટતા કરી.

અમે ગામથી દૂર સાપના ભોણ પાસે પહોંચ્યા . ભોણ પર ટકોરા મારી નોક કર્યું. શિષ્ટાચાર અમારામાં ઠાંસી ઠાંસીને ભર્યો છે.

કરંડિયા સાપ જલેબીની જેમ ગૂંચળું વળીને પડ્યો હોય. મદારી વાંસના કરંડિયાનું ઢાંકણું ઉપર કરી સાપની પૂંછડીને જરાતરાં સ્પર્શ કરે એટલે સોળ વરસની સુંદરીની જેમ આળસ મરડીને અર્ધો ઉંચો થાય. ફેણ ચડાવી આમતેમ ડાફોળિયા મારવા માંડે!!

" સર સલામ નમસ્તે " અમે નાગનું અભિવાદન કર્યું.

"કોણ છો? કોણ છો?" એમ ફૂંફાડો મારીને પૂછયું ગોગાબાપા અમારી નજીક આવવા ધસ્યા. અમને બીક લાગતી હોઇ ( પેલું શું કહે છે? અમારી ફાટતી હોઇ જેવું જ!!) અમે દૂર ખસ્યા. અમે અમારો પરિચય આપી ઇન્ટરવ્યું લેવાની મંજૂરી આપવા વિનંતી કરી.

" નાગ સાહેબ તમારો પરિચય આપશો?

" રિપોર્ટર ભાઇ, યુગે યુગે અમે અલગ સ્વરૂપે છીએ. શંકર ભગવાનના ગળામાં સાપ છીએ. ભગવાન ગણેશે જનોઈના રૂપમાં નાગને ધારણ કર્યા છે, વિષ્ણુ ભગવાન માટે શેષનાગ છીએ. જે શેષનાગની શૈયા પર ક્ષીરસાગરમાં પોઢે છે!શેષનાગનું બીજુ નામ અનન્ત પણ છે. ધર્મ ગ્રંથોમાં લક્ષ્મણજી અને બલરામજીને શેષનાગનો જ અવતાર માનવામાં આવે છે. કૃષ્ણ ભગવાન માટે કાલિ નાગ છીએ. અમ તત્ર સર્વત્ર છીએ. મદારી માટે આજીવિકાનું એટલે કે બ્રેડ બટરનું સાધન છીએ" સાપે તેનો સાપરંગી પરિચય આપ્યો.

" સર, તમે સાધુ અને વીંછીની વાર્તા સાંભળી હશે. એક વાર એક વીંછી નદીમાં તણાતો હતો. એક સાધુએ આ દ્રશ્ય જોયું. એનું દિલ મીણની જેમ દ્રવી ઊઠ્યું . એણે વીંછીને હળવેથી પકડીને બહાર કાઢ્યો. વીંછી થેંકયુ કહેવા જેવી કર્ટસી કરવાના બદલે સાધુને કરડ્યો અને પાણીમાં પડ્યો .સાધુએ વીંછીને ફરીવાર પાણીમાંથી કાઢ્યો. વીંછી સાધુને પાછો કરડ્યો . આવું સાત આઠવાર બન્યું. ત્યાં એક સજ્જન આ બધું નિહાળી રહ્યા હતા. તેણે સાધુને કારણ પૂછયું.વીંછી એનો ધર્મ છોડતો નથી. હું સાધુનો આપદધર્મ છોડતો નથી. જો કે પછી છેવટે શું થયું એ ખબર નથી!! તમે આંધળી ચાકણ છો કે ખડચિતરો છો??" મેં નાગને પૂછયું. " એની સાથે તારે શું લેવા દેવા છે? ગુગલ સર્ચ કરી જાણી લેજે. બધા ગુગલ સર્ચ કરી લેખ લખે છે. તારે શું કામ માટે મારો ઇન્ટરવ્યું લેવા અજગર જેવા લાંબા થવું પડ્યું તે કહે ને!! નો બકવાસ. સીધી વાત કર અને ચાલતી પકડ. ખાલીપીલી ટાઇમ બિગાડને કા નંઇ!!" ઘામણે મને ટપોરીની ભાષામાં ધોઇ નાંખ્યો!!

" સર તમે છાપે ચડ્યા છો. લાઇમ લાઇટમાં આવ્યા છો!!" હું કંઇ આગળ બોલું એ પહેલા ફેણ મારા તરફ કરી ગુસ્સે કર્યો.

" અબે ફટિચર. મારે લાઇન લાઇટમાં રહેવું હોય તો કોઇ નેતાની સભાના સ્થળે , ફલાઇટમાં પહોંચી ન જઉં? અરે નાગિન-૧૫ સિઝનમાં એકટિંગ કરવાની ઓફર મળી છે જ !!" ફૂરસાએ મારી ફિરકી લીધી!!

" તમે ઉનાના એક યુવાનને છેલ્લા બે વરસમાં નવ વાર ડંશ માર્યો છે.પેલા યુવાને પોતાનું ગામ છોડી મોસાળમાં પનાહ લીધી ત્યાં જઇને પણ દંશ માર્યો છે. દરેક વખતે અલગ અલગ જગ્યાએ દંશ મારવાના બદલે જમણા પગની ત્રીજી આંગળીને જ નિશાના પર લીધી છે. સર યહ માંજરા કયાં હૈ??" અમે કાળોતરાને પ્રેસ કટિંગ દેખાડી કારણ પૂછયું!!

" ભઇલા . તે બિલાડીના બચ્ચા વિશેની વાત સાંભળી છે ?" કોબ્રાએ મને પૂછયું.

"કંઇ વાત?" મે તક્ષક નાગને સામો સવાલ કર્યો.

" બિલાડીના બચ્ચાનું સાતવાર રહેઠાણ બદલાય ત્યારે તેની આંખ ઉઘડતી નથી!!" દૈંડાએ મને માહિતી આપી.

" એનું અહીં શું છે?" મેં અકળાઇને પૈડકુંને પૂછયું.

" પેલો યુવાન અંધભકત છે. આટલી વાર કરડવા છતાં તેની આંખ ખુલતી નથી . જયાં સુધી તેની આંખ ખૂલશે નહીં ત્યાં સુધી તેને કરડતો રહીશ" આમ બોલી ધામણ વગર વાંકે મને કરડીને દરમાં જતી રહીં!!

હું બાધાની જેમ મોં વકાસીને એનાકોન્ડાને જતો જોઇ રહ્યો!!

ભરત વૈષ્ણવ...૨૯.૧૨.૨૦૨૨.

# નવા વર્ષની ઉજવણીને શરાબ સાથે શું સંબંધ?

આપણો ભારત દેશ બીનસાંપ્રદાયિક દેશ છે. અહીં દરેક જ્ઞાતિના, દરેક સંપ્રદાયના પ્રજાજનો, પોતાનો ધર્મ પાળી શકે છે અને પોતાનો તહેવાર કે પર્વ રાજીખુશીથી મનાવી શકે છે. પરંતુ છેલ્લાં કેટલાય વર્ષોથી એક અલગ અને નવો ટ્રેન્ડ શરૂ થઈ ગયો છે કે, કોઈપણ પર્વ કે તહેવારની ઉજવણીના ભાગરૂપે શરાબનું સેવન અનિવાર્ય બની ગયું છે. નવી પેઢીના યુવક અને યુવતીઓને દારૂ વગર પાર્ટી કરવી કે તહેવારની ઉજવણી કરવી અધૂરી લાગે છે.

આપણી હિન્દુ સંસ્કૃતિમાં નવુ વર્ષ, નૂતન વર્ષ કે બેસતુ વર્ષ કારતક સુદ એકમના દિવસે ગણાય છે. આપણી સંસ્કૃતિના નવા વર્ષની ઉજવણીને ખાસ મહત્વ આપવામાં આવતું નથી. હવેની નવી પેઢીમાં ખાસ કરીને, આપણું યુવાધન પશ્ચિમી સંસ્કૃતિના રંગે રંગાવા લાગ્યું છે અને ડિસેમ્બર મહિનાની થર્ટી ફસ્ટની રાતે ૧૨ વાગ્યા પછી ઝગમગતી આંખોને આંજી દે એવી ઝગમધાટ રોશનીમાં ખુલ્લી સડક ઉપર કુમળી વયના તેમજ યુવાન વયના યુવક તથા યુવતિઓ, કાન ફાડી નાંખે એવા ડીજેના સથવારે, એકબીજાની કમરમાં હાથ નાંખીને, સમાજની પરવા કર્યા વગર ખુલ્લેઆમ વિચિત્ર ઢબના ડાન્સ કરે છે, જાહેરમાં ફટાકડા ફોડે છે, એકબીજાને આલિંગન આપે છે, એકબીજાને અવનવી ગિફ્ટ આપે છે અને નવા વર્ષની શુભેચ્છા પાઠવે છે. આ બધું તો ઠીક છે, પરંતુ થર્ટી ફસ્ટની રાતે દેશી તથા વિદેશી દારૂનો દૌર આખી રાત સુધી ચાલુ રહે છે, અને યુવાધન છાકટુ બની જાય છે. આના ભાગરૂપે ક્યારેક યુવતીઓની છેડતી, પજવણી,અશ્લીલ મજાક,અભદ્ર ચેનચાળા કે બળાત્કાર સુધીના બનાવો બનવાના સંજોગો ઉભા થાય છે.પશ્ચિમની સંસ્કૃતિ આપણી સંસ્કૃતિ કરતાં તદ્દન વિપરીત છે, છતાં, આપણે બધાં એનું આંધળુ અનુકરણ કરીએ છીએ. હકિકતમાં ડિસેમ્બર મહિનામાં વિદેશોમાં વધારે પ્રમાણમાં ઠંડીનું જોર વધે છે એથી ઠંડીથી રક્ષણ મેળવવા તથા શરીરનું તાપમાન જાળવી રાખવા માટે તેઓ શરાબનો આશરો લ્યે છે. જ્યારે આપણી તો આંબોહવા જ ગરમ છે, તેથી શરાબનું સેવન કરવાથી શરીરને હાનિ જ થાય છે.

તહેવારોની ઉજવણીને દારૂ કે શરાબ સાથે કાંઈ લેવાદેવા છે જ નહીં, છતાં, હવે તો કોઈને કોઈ નાનું કે મોટુ પર્વ, ઉત્સવ, તહેવાર, પ્રસંગ, પાર્ટી, વિગેરેમાં અગાઉથી જ શરાબની વ્યવસ્થા કરી દેવામાં આવે છે. પહેલાં તો મદિરા કે શરાબનું સેવન અમુક જ્ઞાતિના જ્ઞાતિજનો જ કરતા હતાં, પરંતુ હવે તો ભદ્ર સમાજના વ્યક્તિઓ પણ દરેક પ્રસંગે શરાબનું સેવન કરે છે. વાત આટલેથી અટકતી નથી, પરંતુ આજની આધુનિક અને ભદ્ર સમાજની સુશિક્ષિત યુવતીઓ તથા મહિલાઓ પણ સિગારેટનો કસ અને શરાબની ચુસ્કી લેતાં અચકાતી નથી.વાસ્તવમાં કોઈપણ પ્રસંગની ઉજવણીને શરાબ સાથે કાંઈ નિસ્બત કે લેવાદેવા જ નથી, છતાં 'પીનેવાલો કો પીને કા બહાના ચાહિયે' એ ન્યાયે પશ્ચિમી સંસ્કૃતિથી રંગાયેલ, યુવા પેઢી અને હિંદુ સંસ્કૃતિ ભવિષ્યમાં શું કરવટ બદલશે એ તો આવનારો સમય જ બતાવશે.

યોગેશભાઈ આર જોષી  
હાલોલ.પંચમહાલ

### કોચર-ધૂત ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં

# જેલમાં ઘરનું જમવાનું અને સ્પેશિયલ બેડની સુવિધા, આઈસીઆઈસીઆઈ લોન ફ્રોડ કેસમાં ધરપકડ થઈ હતી

મુંબઈ,તા.૨૯

આઇસીઆઇસીઆઇ બેંકના પૂર્વ એમડી અને સીઇઓ ચંદા કોચરના પતિ દીપક કોચર, મુંબઈમા આઇસીઆઇસીઆઇ મની લોન્ડરિંગ કેસમા સીબીઆઇની વિશેષ અદાલતમાં હાજર થયા પછી તેમની સાથે નીકળી રહ્યા હતા.



આઇસીઆઇસીઆઇ બેંકના પૂર્વ એમડી અને સીઇઓ ચંદા કોચરના પતિ દીપક કોચર, મુંબઈમાં આઇસીઆઇસીઆઇ મની લોન્ડરિંગ કેસમાં ઝમૈંની વિશેષ અદાલતમાં હાજર થયા પછી તેમની સાથે નીકળી રહ્યા હતા આઇસીઆઇસીઆઇ બેંકના પૂર્વ સીઇઓ ચંદા કોચર, તેમના બિઝનેસમેન-પતિ દીપક કોચર અને વીડિયોકોન ગ્રુપના સ્થાપક વેણુગોપાલ ધૂતને ૧૦ જાન્યુઆરી સુધી ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે. લોન ફ્રોડ કેસમાં શુક્રવારે ચંદા અને દીપક બંનેની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ સોમવારે ધૂતની ધરપકડ કરવામાં આવી હતી. આજે તેની સીબીઆઇ કસ્ટડી સમાપ્ત થઈ રહી હતી.

ત્રણેય આરોપીઓ હાલ સીબીઆઇની કસ્ટડીમાં છે.૨૩ ડિસેમ્બરે ચંદા અને દીપક કોચરની લોન ફ્રોડ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી.,૨૪ ડિસેમ્બરે સ્પેશિયલ કોર્ટે બંનેને ૨૬મી સુધી સીબીઆઇ કસ્ટડીમાં મોકલી દીધા હતા.,૨૬ ડિસેમ્બરે ઝમૈંએ વીડિયોકોનના સ્થાપક વેણુગોપાલ ધૂતની ધરપકડ કરી હતી.સ ત્રણેય આરોપીઓને સ્પેશિયલ કોર્ટે ૨૮ ડિસેમ્બર સુધી સીબીઆઇ કસ્ટડીમાં મોકલી દીધા છે. ૨૮ ડિસેમ્બરે ત્રણેય આરોપીઓની સીબીઆઇ કસ્ટડી એક દિવસ માટે લંબાવવામાં આવી હતી. ૨૯ ડિસેમ્બરે આરોપીઓને ૧૦ જાન્યુઆરી સુધી જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલ્યા છે.

કસ્ટડીમાં ઘરનું ભોજન અને સ્પેશિયલ બેડની સુવિધા

રિપોર્ટ્સ અનુસાર, સીબીઆઇ કસ્ટડીમાં ચંદા, દીપક અને વેણુગોપાલને સ્પેશિયલ બેડ અને ગાદલા આપવામાં આવ્યા હતા. કોચરે કહ્યું હતું કે તેને શિયાળામાં પણ જમીન પર સુવા માટે મજબુર કરવામાં આવી રહી હતી. કોર્ટે આરોપીઓને પોતાના ખર્ચે ઘરનું ખાવાનું અને દવાઓ તેમજ અન્ય વસ્તુઓનો ઉપયોગ કરવાની જવાની મંજૂરી આપી હતી. મેડિકલ કંડીશનને ટાંકીને, ધૂતે ખુરશી, ખાસ બેડ, ગાદલું, ગાદલા, ટુવાલ, ધાબળા અને ચાદરનો ઉપયોગ કરવાની મંજુરી માંગી હતી. કોર્ટ જરૂર પડવા પર ધૂતને ઈન્સ્યુલિન લેવામાં મદદ કરવા માટે એક અટેન્ડન્ટ રાખવાની પણ મંજૂરી આપી હતી. આરોપ છે કે જ્યારે ચંદા કોચરે દેશની સૌથી મોટી ખાનગી બેંકોમાંથી એક આઈસીઆઈસીઆઇ બેંકનો ચાર્જ સંભાળ્યો ત્યારે નિયમોની અવગણના કરીને વીડિયોકોનની વિવિધ કંપનીઓને કેટલીક લોન મંજુર કરવામાં આવી હતી. ૨૦૧૨માં વીડિયોકોન જૂથની કંપનીઓના છ ખાતાઓની હાલની બાકીને ડોમેસ્ટીક ડેટ રિફાઇનાન્સિંગ હેઠળ મંજૂર કરાયેલ રૂ. ૧,૭૩૦ કરોડની લોન સામે એડજસ્ટ કરવામાં આવી હતી.

જ્યારે, સીબીઆઇએ પણ જણાવ્યું હતું કે ૨૦૧૨માં આપવામાં આવેલી ૩૨૫૦ કરોડની લોનમાંથી ૨૮૧૦ કરોડ રૂપિયા (લગભગ ૮૬%) ચૂકવવામાં આવ્યા નથી. વીડિયોકોન અને તેની ગ્રુપ કંપનીઓના ખાતા જૂન ૨૦૧૭માં એનપીએ જાહેર કરવામાં આવ્યા હતા એનપીએ જાહેર થવાથી બેંકને નુકસાન થયું હતું. આ કેસની તપાસ ૨૦૧૬માં શરૂ થઈ હતી જ્યારે વીડિયોકોન ગ્રૂપ અને આઇસીઆઇસીઆઇ બેંક બંને કંપનીઓમાં રોકાણકાર અરવિંદ ગુપ્તાએ લોન અનિયમિતતા અંગે ચિંતા વ્યક્ત કરી. ગુપ્તાએ આ અંગે ઈંમ્ અને વડાપ્રધાનને પણ પત્ર લખ્યો હતો, પરંતુ તેમની ફરિયાદ પર તે સમયે કોઈ ધ્યાન આપવામાં આવ્યું ન હતું. માર્ચ ૨૦૧૮માં એક અન્ય વ્હિસલ-બ્લોઅરે ફરિયાદ કરી હતી.

ટોચના મેનેજમેન્ટ સામે કરવામાં આવેલી ફરિયાદ બાદ ઘણી એજન્સીઓનું ધ્યાન આ તરફ ગયું હતું. જો કે, તે જ મહિનામાં બેંકે એક નિવેદન જારી કરીને જણાવ્યું હતું કે તેમને ચંદા કોચર પર પૂરો વિશ્વાસ છે. વીડિયોકોન ગ્રુપને લોન આપવામાં ચંદાની કથિત ભૂમિકાની તપાસ બાદ આ નિવેદન આપવામાં આવ્યું હતું. એજન્સીઓએ તેમની તપાસ ચાલુ રાખી અને બેંક પર દબાણ વધતા તેણે પણ તપાસ શરૂ કરી. આ પછી સીબીઆઇએ ૨૪ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ એફઆઇઆર નોંધી હતી.

વીડિયોકોન ગ્રુપના ચંદા કોચર, દીપક કોચર અને વેણુગોપાલ ધૂત તેમજ ન્યુપાવર રિન્યુએબલ્સ, સુપ્રીમ એનર્જી, વીડિયોકોન ઈન્ટરનેશનલ ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડ અને વીડિયોકોન ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડને આઇપીસી ગુનાહિત કાવતરું, છેતરપિંડી અને ભ્રષ્ટાચાર સંબંધિત કલમો હેઠળ નોંધાયેલી ક્વૈંઇમાં આરોપી બનાવવામાં આવ્યા હતા.

જાન્યુઆરી ૨૦૨૦માં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે કોચર પરિવારની રૂ. ૭૮ કરોડથી વધુની સંપત્તિ જપ્ત કરી હતી. આ પછી એજન્સીએ અનેક રાઉન્ડની પૂછપરછ બાદ દીપક કોચરની પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ ની કલમો હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. ૭૧ વર્ષીય વેણુગોપાલ ધૂતનો જન્મ મુંબઈમાં થયો હતો. તેમની ઓળખ એક ભારતીય ઉદ્યોગપતિ તરીકેની છે.

### ઝડપથી મજા મોતની સજા

## દેશમાં ૨૦૨૧માં ૧.૫૪ લાખ લોકોએ માર્ગ અકસ્માતમાં પોતાનું જીવન ગુમાવ્યું છે



નવી દિલ્હી,તા. ૨૯

દેશમાં વધુને વધુ સારી થઇ રહેલી હાઈવે સહિતના માર્ગ પરિવહનની પરિસ્થિતિ વચ્ચે પણ અકસ્માતોની સંખ્યામાં પણ મામૂલી ઘટાડો થયો છે. સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા એક રિપોર્ટ મુજબ જો કે માર્ગ અકસ્માત રોકવામાં ૨૦૧૯થી જે ખાસ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા તેના કારણે ૨૦૨૧માં માર્ગ દુર્ઘટનામાં ઘટાડો નોંધાયો છે.

પ્રસિધ્ધ થયેલા રિપોર્ટમાં જણાવ્યું છે કે, ૨૦૨૧માં ૪,૧૨,૪૩૨ માર્ગ અકસ્માત નોંધાયા અને કુલ ૧,૫૩,૯૭૨ લોકોએ જીવન ગુમાવ્યા જયારે ૩,૮૪,૮૪૮ લોકો ઘાયલ થયા. પરંતુ ૨૦૧૯ની સરખામણીમાં ૨૦૨૧માં માર્ગ અકસ્માતમાં ૧૪.૮%નો ઘટાડો થયો છે. ૨૦૧૯ની સરખામણીમાં ઘાયલોની સંખ્યા પણ ઘટી છે. જો કે મૃત્યુદર વધ્યા છે. અને તે પણ ખાસ કરીને વધતા જતા વાહનો અને ચાલકોની બેદરકારી સહિતના કારણે માર્ગ અકસ્માતોમાં મૃત્યુ દર ઉંચો ગયો છે. રોજ સરેરાશ ૧૧૩૦ માર્ગ દુર્ઘટના નોંધાય છે અને તેમાં ૪૨૨ લોકોના મોત થાય છે.કોવિડ સહિતના પ્રકોપના કારણે માર્ચ-એપ્રિલ ૨૦૨૦ દરમિયાન રાષ્ટ્રીય વ્યાપી લોકડાઉન હતું અને ત્યારબાદ ધીમે ધીમે દેશ અનલોક થયો તેના કારણે ૨૦૨૦માં આંકડાઓ ઓછા આવ્યા હોય તે સ્વાભાવિક છે. ૨૦૨૦-૨૧ દરમિયાન એક નવો અને ચિંતાજનક ટ્રેન્ડ જોવા મળ્યો છે. જેમાં ૧૮ થી ૪૫ વર્ષના યુવાઓની સંખ્યા માર્ગ અકસ્માતમાં મૃત્યુ અથવા તો ઘાયલ થવામાં વધી છે. ૨૦૨૧માં કુલ ૧,૪૨,૧૬૩ ઘાતક દુર્ઘટનાઓ નોંધાઈ.જેમાં ૩૫%થી વધુ દુર્ઘટનાઓ રાષ્ટ્રીય રાજમાર્ગ પર નોંધાઇ છે જે દર્શાવે છે કે રાષ્ટ્રીય રાજમાર્ગની સ્થિતિ સુધરી હોવા છતાં પણ અકસ્માતોની સંખ્યામાં નિયંત્રણ લાવી શકાયું નથી. ૨૦૨૧માં ટ્રાફીકના નિયમોના ઉલ્લંઘનમાં ઓવર સ્પીડીંગ એટલે કે વધુ પડતી ગતિએ વાહન ચલાવવું એ અકસ્માતમાં મુખ્ય કારણ બની રહ્યું છે અને જે મૃત્યુ થયા તેમાં ૬૯% હિસ્સો આ પ્રકારના ઓવર સ્પીડીંગનો હતો જ્યારે ખોટી દિશામાં એટલે કે રોંગ સાઈડમાં ડ્રાઈવીંગના કારણે ૫.૨%અકસ્માતો નોંધાયા હતા.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG. SS NO :- 0032

સાહિત્ય સરિતા

વિષય: પ્રથમ સ્નેહ મિલનનો યાદગાર દિવસ

શીર્ષક: 'અનુભવની આંખે'

મળવું હતું અમારે, અને મળ્યાં,
સૌ સાહિત્ય સરિતાના મેળામાં.
હતી એ તારીખ ૨૪મી ડિસેમ્બર,
૨૦૨૨ નો આખરી મહિનો સવારે.
ખુશી છલકાતી હતી બધાના ચહેરે,
સૌ અજાણ્યાં,પણ થોડા પહેરેદાર.
અંધજન મંડળ ખાતે સ્નેહમિલનમાં,
જોયું અને જાણ્યું એક અનોખું મિલન.
પ્રભુ સાક્ષાત થયા દર્શન તારાં,
એ ચક્ષુહીન સૂરદાસ બાળકોમાં.
નહોતો એવો કોલાહલ ત્યાં,
છતાંય હતી ચહલપહલ બાળકોની.
નિરવ શાંતિમાં એક વહેતી સુરગંગા,
કંઈક કહેતી હતી એમની મનોવેદના.
નહોતો એમની આંખોમાં તેજ પ્રકાશ,
છતાંય સૂર્યોદય અને સૂર્યાસ્તની છાયા.
સુંદર એ બાળકો નહોતી જગતની લાલસા,
પ્રભુ, બધુ સ્વીકારી લીધેલી જગતની વેદના.
સાહિત્ય સરિતાનાં મેળામાં આનંદની ઘેલછા,
લઈને ઘેર આવી એ આંખોથી મૂંગા બાળકોની વેદના.

મીના માંગરોલીયા મીનુ
અમદાવાદ
૨૪/૧૨/૨૦૨૨

# ગાંધીનગર ખાતે જિલ્લાકક્ષાના સ્વ- સહાયજુથ માટેના' કેશક્રેડિટકેમ્પ'ને રાજય શિક્ષણમંત્રીશ્રીના હસ્તે ખુલ્લો મુકાયો

**જિલ્લાના ૧૦૭જેટલાસ્વ-સહાયજૂથોનેઆ કેમ્પ થકી રુપિયા ૧ કરોડ ૫૫ લાખથી વધુની સહાયનીરકમમંજૂરકરાઈ ગ્રામ્ય કક્ષાના જીવનને ધબકતું રાખવાનુંઅને મહિલાઓને પગભર બનાવવાનું ઉમદા કાર્ય સખી મંડળ થકી થઈ રહ્યું છે........ રાજય શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલ પાનસેરિયા**





ગાંધીનગર: ગુરૂવાર:

ગ્રામ્ય કક્ષાના જીવનને ધબકતું રાખવાનુંઅને મહિલાઓને પગભર બનાવવાનું ઉમદા કાર્ય સખી મંડળ થકી થઈ રહ્યું છે, તેવું આજરોજ ગાંધીનગર ખાતે યોજાયેલ સ્વ- સહાય જૂથ માટેના કેશ ક્રેડિટ કેમ્પમાં રાજયના શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલભાઇ પાનસેરિયાએ જણાવ્યું હતું.

રાજય શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલભાઇ પાનસેરિયાએ કેશ ક્રેડિટ કેમ્પનું દીપ પ્રાગટ્ય કરીને જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લાની સખી મંડળની બહેનો સાથે સંકલન કરીને તેમને પગભર બનાવવાનો આ ઉમદા પ્રયાસ છે. મહિલાઓ કોઈપણ ઘરનો મુખ્ય આધારસ્તંભ છે. તેઓ શિક્ષિત અને પગભર હશે, તો તે ઘર ખૂબ ઝડપી સાધન- સંપન્ન થશે. તેમણે ઉપસ્થિત તમામ મહિલાઓને દીકરા- દીકરી વચ્ચે ભેદ ન રાખી બન્નેને સમાન શિક્ષણ આપવા માટે પણ અપીલ કરી હતી.


ગ્રામ્ય જીવનની અને તેની સંસ્કૃતિનો મને ખ્યાલ છે, તેવું કહી રાજય શિક્ષણ મંત્રી શ્રી પાનસેરિયાએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય જીવનમાં માનવતાનો અહેસાસ થાય છે. એક ઘરે આવેલ દુ:ખ અને સુખના પ્રસંગને સૌ કોઈ સહભાગી બને છે. તેમણે જણાવ્યું હતું કે, વિશ્વમાં અબ્રાહ્મ લિંકન, ભારતના રાષ્ટ્રપતિ શ્રી એ.પી.જે.અબ્દુલ કલામ અને હાલના દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જેવા અનેક લીડરનું જીવનનું ઘડતર ગ્રામ્ય કક્ષાએ થયું છે.


આ દુનિયામાં કોઈપણ કામ અશક્ય નથી, તેવું કહી તેમણે સખી મંડળની બહેનોને જણાવ્યું હતું કે, મહિલાઓને પગભર બનાવવા માટે આ સરકારના શાસનમાં અનેક મહિલાલક્ષી યોજનાઓ અમલી બનાવવામાં આવી છે. જેના થકી અનેક મહિલાઓ પગભર બની છે. આ સરકારના શાસનમાં માનવતા સાથે અંત્યોદય વ્યક્તિના વિકાસને ધ્યાનમાં રાખી યોજનાઓનું અમલીકરણ સુચારું રીતે કરવામાં આવી રહ્યું છે. જેગાંધીનગરખાતે યોજાયેલ સ્વ- સહાયજૂથો માટેનો કેશક્રેડિટકેમ્પ ગાંધીનગરજિલ્લાના ચાર તાલુકાના૧૦૭જેટલાસ્વ-સહાયજૂથોનેઆયોજનાનોલાભ આપવામાંઆવ્યોહતો. આ સ્વ સહાયજૂથનો માટે રૂપિયા ૧ કરોડ ૫૫ લાખથી વધુની સહાયની મંજૂર કરવામાં આવી છે. આ પ્રસંગે મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે ૧૦ સ્વ સહાય જૂથનોને ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. તેમજ બીસી સખી નિમણુંક પત્ર આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યો હતા. આ પ્રસંગે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી બી.કે.પટેલે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી પૂર્વેશ વ્યાસે કર્યું હતું. આ પ્રસંગે રાજયસભાના સાંસદ શ્રી નરહરિભાઈ અમીન, ગાંધીનગર(W)ના ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ, ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી દિલીપભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભિ ગૌત્તમ સહિત વિવિધ સખી મંડળની બહેનો ઉપસ્થિત રહી હતી.

# IPS હનીટ્રેપ પ્રકરણ ઉપર ફરી "ઘરના ભૂવા ઘરના ડાકલાં" સરકારનો રાજકીય ઇશારે ઈજ્જત સાચવવા ઢાંકપિછોડો

**ગુજરાત ની જનતાને ક્યા સુધી આ અધિકારીઓ.નેતાઓ બેવકૂફ બનાવતા રહેશે.**

**હની ટ્રેપ પ્રકરણ ઉચ્ચ સનદી અધિકારીઓ તેમજ રાજકીય નેતાઓ ના માથા નો દુખાવો**







ગુજરાત સરકારની શેહ સરમ લાજ અને ઈજ્જત કોઈપણ કેસની કાર્યવાહી બાબતે કેટલી હદે ક્યાં સુધી જઈ શકે તેનાથી હવે ગુજરાતની શાણી પ્રજા અનેક કિસ્સાઓ ઉપરના ઢાંક પિંછોડા ઉપરથી સમજી અને જાણી ગઈ છે. રાજકીય નેતાઓ પોતાના પક્ષની વોટ બેંકની ભીખ ખાતર અનેક અધિકારીઓને અનેક દલાલોને અને અનેક બુટલેગરોને તેમની કાર્ય પ્રવૃત્તિ ઉપર ઢાંક બિછોડો કરીને તેમને સાચવતી આવી છે અને હજુ સુધી કોઈ એવી ગંભીર ઘટનાની અંદર કોઈને પણ એવી કક્ષાની કોઈ સજા કરી નથી કે જેનાથી પ્રજાને ન્યાય મળ્યો હોય કે સરકારના શાસનને ન્યાય મળ્યો હોય એવી ઘટના સામે આવી નથી.ગુજરાત માં પ્રત્યેક પોલીસ સ્ટેશન માં ગેર કાયદેસર પ્રવૃત્તિઓ કોઈપણ લાયસન્સ વિના હપ્તા રાજ થી ચાલતી આવે છે.કરોડો ના કાળા નાણાં નો ઉચ્ચ રાજકીય કક્ષાએ થી મોટામાં મોટો ગેરબંધારણીય વેપાર પણ વર્ષોથી થતો આવ્યો છે..વાઈબ્રન્ટ ની આંકડાકીય માયાજાળ ચતુર અધિકારીઓ વર્ષોથી રાજકીય ચાર્ટડ એકાઉન્ટન્ટ નીજેમ રાજનેતાઓ ના હિસાબો કરતા આવ્યા છે..અને તેરી ભી ચૂપ ઓર મેરી ભી ચૂપ ની જેમ બધું પડદા પાછળ રમાતું આવ્યું છેપ છતાં પણ આવા નકલી સર્વ પ્રકારના વિકાસ ગુજરાત સરકારના ઉત્તરોત્તર વધી રહેલા દેવા સાથે સરકારો બતાવતી રહી છે અને જેની સામે પ્રજા પોતાના હાથમાં કશું જ ન હોય તે રીતે માત્ર સરકારી ખેલ જોઈને બેઠી છે..કેમકે ક્યાંય હ્યુમન રાઈટ્સ,મહિલા નિગમ,પ્રજા સુરક્ષા ની એજન્સીઓ કોઈ ન્યાયિક કેસ લડી ને પ્રજાને ન્યાય આપ્યો હોય તેવું ક્યાંય દેખાતું નથી..માત્ર કાર્યવાહી ના રૂપ બદલાય છે..

પ્રચંડ બહુમતી અનેક દાવ પેંચ રચીને લીધા બાદ શાસક સરકારમાં સીએમ કાર્યાલયમાં ફરીથી બે પોસ્ટ જાતે દલા તરવાડી શાસનની જેમ ઊભી કરીને પૂર્વ કેન્દ્રીય નાણામંત્રી ડોક્ટર હસમુખ અઢિયા અને માર્ગ મકાનના અનેક વિવાદોમાં રહેલા એવા એસ એસ રાઠોડ જેવા નિવૃત્ત થયેલા અધિકારીઓને સરકારે સલાહકાર તરીકે પણ અનેક પ્રકરણો જાણતા હોવાના લીધે ફરીથી તેમના હાથ પગ અને હૈયુ ચાલે ત્યાં સુધી તેમનો ઉપયોગ કરવાની વિચારણા કરીને તેમને સરકારમાં બેસાડ્યા છે અને ફરી તમામ ભોગ વિલાસ માં રાચતા જોવા મળશે અને તેમને કરેલી સરકારી મદદ નું જાણે મોદીજી અને ગુજરાત સરકાર રુણ અદા કરતી હોય તેવી રીતે તેમને સાચવી લેવામાં આવ્યા છે. ખેર વાત આપણે આ હની ટ્રેપ પ્રકરણની કરીએ તો આ હની ટ્રેપ નહીં પણ મધુ ડંખ વિવાદી ઘટનામાં અત્યારે કહેવાથી ઊંડાણ ભરી તપાસ થઈ રહી છે અને તેની અંદરથી ચોકાવનારા પરિણામો આવે તો નવાઈ નહીં જોકે સરકાર બધી જ રીતે બધું સાચવીને બધું બહાર પાડશે તેવી તેની પ્રણાલિકા થી જનતા વાકેફ છે. આ મધુ ડંખ પ્રકરણ ના મુળિયા આણંદ જિલ્લા થી શરૂ થયેલા છે ગાંધીનગર તો બીજા કે ત્રીજા તબક્કામાં હશે તેવું આપણે માનીએ જોકે આ આખી ચર્ચામાં સત્ય શું છે એ સરકાર જો સાચે સ્પષ્ટ કરશે તો જ આ સાચી દિશામાં તપાસ જશે અને સત્ય પરિણામો બહાર આવશે. આ યુવતી પોતે પોતાની જાતને હિરોઈન માનીને જાણવા મળ્યા મુજબ જુલાઈ ૨૦૨૦ માં પોલીસ ટ્રેનિંગ એકેડેમી તરીકે ઓળખતા કરાઈ સ્થાને કોઈક પોલીસના કર્મચારીની ઓળખાણ ના લીધે ગઈ હતી અને આ સમયે તે યુવતી અધિકારીઓને મળી હશે અને ત્યારથી તે સોશિયલ મીડિયામાં સક્રિય થઈ હતી અને પોતાના જિલ્લામાં ઉચ્ચ સ્થાને રહેલા પોલીસ અધિકારીઓ સાથે તેણે સંપર્ક બનાવવાના શરૂ કર્યા હતા અને બધાને મોજ ખુશથી રાજી રાખતી હશે તેવું મનાય. આ યુવતીના સંબંધો માત્ર આઈપીએસ અધિકારીઓ સાથે નહીં તે સિવાયના અનેક પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ સાથે પણ હોવા જોઈએ તેમ જ રાજકીય લોકો સાથે પણ હોવા જોઈએ પરંતુ માઉન્ટ આબુ થી પોતાની હોર્સ રીડિંગની તસવીરો ની શરૂઆત થઈ હશે અને આ સ્વરૂપવાન યુવતી સાથે અનેક લોકોએ રંગરેલીયા પણ બધા જાણતા પારખતા લોકોએ મનાવ્યા હશે તે વાતને ચર્ચાનું ગ્રહણ લાગેલું છે સરકારી કચેરીઓ અને સચિવાલય સુધી અત્યારે એક જ વાત છે કે આ હની ટ્રેપ પ્રકરણમાં સત્ય શું છે. આખરે ગૃહ વિભાગે આ આખા પ્રકરણ ઉપર ઢાંક પીછોળો કરવા માટે જાણે પોલીસ અને ખાખી વર્ધી અને ઉચ્ચ અધિકારીઓ દૂધે ધોયેલા હોય તેમ કરીને મૌન તોડીને આખી ઘટના ઉપર ઢાંક પીછોળો નાખવાનો પ્રયત્ન કર્યો છે. જોકે આવા અનેક કિસ્સાઓ અને અનેક મોટા માથાઓ જુદા જુદા ગંભીર ગુનાઓમાં બહાર આવીને સોશિયલ મીડિયામાં કેટલાય પ્રચલિત થયા અને રોજેરોજ છાપામાં આવતી ઘટનાઓ જેમ છતાં પણ રાજકીય પક્ષને શાસક સરકારને અમુક નેતાઓ ગમે તે રીતે તેને કાબેલ રાજકીય બનાવેલ ડેમેજ કંટ્રોલ ટીમ દ્વારા સાચવી લઈને આવા બધા પ્રકરણો ઉપર ઢાંક પીછોળો કરતી આવી છે આ કોઈ નવી ઘટના નથી.

ચૂંટણી પૂર્વે એક મહિલા મંત્રી છોટા ઉદેપુર જિલ્લામાં પોલીસ બંદોબસ્ત સાથે એક કાર્યક્રમ માં ગયા હતા અને તે જિલ્લા ના ભાજપ પ્રમુખ પુષ્કળ દારૂ પીધેલી હાલત્ માં મંત્રી સાથે ચાલતા લથડિયા ખાતા ખાતા સ્ટેજ ઉપર બેઠા હતા જેના વિડિયો વાયરલ થયા હતા અને હાજર ઉચ્ચજિલ્લા પોલીસ અધિકારીઓ ની હાજરી માં આ આખી ઘટના બની હતી તેમ છતાં બદનામી વહોરવા સામી ચૂંટણી હોવાથી પ્રદેશ પ્રમુખ દ્વારા આ નશાખોર પ્રમુખ ને માત્ર હોદ્દા ઉપર થી દુર કરી સંતોષ માન્યો..પણ સરકારી પોલીસ અધિકારીઓ રાજકીય પક્ષ ના નેતાઓ ના કારણે કોઈપણ કેસ ના કર્યો કે આ નશા ખીર ને રોક્યો પણ નહિ..આ પિકચર જનતા ી જોયું છે..મીડિયા પર્દાફાશ કર્યો છે. સરકાર જો એમ કહેતી હોય કે આવી કોઈ ઘટના હની ટ્રેપ ની બની જ નથી તો આખી સ્ટોરી નું ઉદગમ સ્થાન શું અને કોણે કર્યું અને સેના માટે કર્યું અને સરકારના અડધો ડઝનથી વધારે આઈપીએસ અધિકારીઓના નામો પણ કોણે શા માટે ઉભા કરીને પ્રજામાં ચર્ચાનો મુદ્દો બનાવ્યો. જો સરકાર ઢાંક પીછોળો કરીને કહેતી હોય કે આવું કશું બન્યું જ નથી તો પછી શા માટે આઈપીએસ અધિકારીઓને બદનામ કરવા અને શા માટે આ યુવતી બદનામ થાય શું ખરેખર પરસ્પર કોઈ ફરિયાદ નોંધાવશે અને આ દિશામાં સાચી તપાસ થશે અને ન્યાય મળશે કે કેમ તે પણ એક બહુ જ મોટો કોયડા જેવો વિષય બન્યો છે. ભૂતકાળમાં આવી અનેક યુવતીઓના નામે આવા અનેક પ્રકરણો થઈ ગયા છે અંતે સમાધાન અને ઢાંક પીછોળો કરીને એ બધા જ પ્રકરણો આપણા બધા વચ્ચેથી ખોવાઈ ગયા છે જેમ કે સેજલ શાહ નામની યુવતી એ મંત્રીઓની કેબિન ની આજુબાજુ આંટા મારતી અનેક વખત હોવા છતાં કોઈ મંત્રીએ મોઢું ખોલ્યું નથી માત્ર શરમના જોકે નામ દીધા વિના આખું પ્રકરણ દબાવી દીધું છે. એવી રીતે માનસી સોની નામની યુવતી સાથે કચ્છના માંડવી બીચ દરિયા કિનારે કયા ઉચ્ચ રાજકીય અભિનેતા દ્વારા ખરેખર કેવી અલૌકિક પ્રેમ લીલા અને શું નું શું રંધાઈ ગયું અને તેમાંથી આખું એક જાસૂસી પ્રકરણ બહાર આવ્યું અને જાસુસી પ્રકરણના હનુમાન જેવા સુપ્રીમોએ આ આખા પ્રકરણને દબાવવામાં ઉચ્ચકક્ષાએથી નિમ્નકક્ષા સુધીની ખૂબ મહેનત કરીને આખા પ્રકરણને ઢાંક પીછેડો કરવામાં આવ્યો અને આખેઆખું આ યુવતી નો પરિવાર ભારત બહાર સ્થાયી થઈ જાય તેવી પરિસ્થિતિનું સર્જન પણ કયા મહાનાયક એ કર્યું તેનાથી પણ લોકો અજાણ નથી.આ આખા પ્રકરણ ની મહાનાયક જશુશી કાંડ સુપ્રીમો ની અધિકારીઓ સાથેની ઓડિયો.વિડિયો દિલ્હી ની વિધાનસભા માં પણ રજૂ કરવામાં આવી હતી. અને તેમાં પણ ઉચ્ચ સનદી અધિકારીઓ શર્મા બંધુઓ ના ભોગ લેવાયા અને તેમાંના એક આઈપીએસ તો આજે જેલની સજા પણ ભોગવી રહ્યા છે કે જેમને તો ૨૮ વર્ષ જૂના કેસ માં ફીટ કરી દેવાયા છે અને બ્રહ્મ સમજણનું પાપ આ મહાનાયક સામાજિક દુર્દશા થી ભોગવી રહ્યા છે આવા બધા પ્રકરણો ઉપરથી મહાનાયકોની બેજોડ ભૂમિકા ના ખેલ આજે પણ ગુજરાતની ૬.૫ કરોડની જનતા જોઈ રહી છે. જેમ કે ફિલ્મી જગત ના યુવા ને શરમાવે તેવા ખાન બધું (જેમની ઉપર મોદીજી ફિદા થઈ ગયા હતા અને પતંગ મહોત્સવ માં પણ અમદાવાદ માં તેઓ સીએમ હતા ત્યારે બોલાવી પતંગ સાથે ચઢાવ્યા હતાપએ એક સમયે તો આખે આખો કબજો જાણે શાસક સરકાર ઉપર ખાન બંધુ ઓએ લઈ લીધો હોય તેવી પણ ભૂમિકાઓ થઈ હતી અંતે તેમનો ઉપયોગ કરીને તેમને સાઈડમાં ખસેડી દેવાયા નહીં તો છાશવારે સરકારના ઉજવાતા ઉત્સવોમાં તેમને લાખો કરોડોના ખર્ચાઓ કરીને બોલાવતા હતા. આમ સરકારમાં આવા તે કયા ઉચ્ચ બાહોશ અને યુવા આઈપીએસ યુવા યુવતીની મદદ લઈને આવા પ્રકરણો ઉભા કરવામાં આવે છે અને તેને પછી ચર્ચામાં લાવીને સરકારી કાબિલિયત બતાવીને શાંત પણ પાડી દેવામાં આવે છે જેની પાછળ ખરેખર સાચા હૃદયથી ઘરે હિંચકે ઝુલતા કયા ઉચ્ચ મહાનાયકોનો હાથ હોય છે તે પણ એક તપાસનો વિષય માંગી લે છે.

આવો જોઈએ હવે આ પ્રચંડ બહુમતીના રાજમાં ભોપાભાઈ પટેલનું આ દ્વિતીય શાસન કઈ રંગીન રાજનીતિ બતાવે છે તે આવનારો સમય કહેશે.

નવાઇ ની વાત એ છે કે સરકારે હજુ આ યુવતી નું કે અધિકારીઓ ના નામ સુદ્ધાં જાહેર કર્યા નથી.

તંત્રી : પ્રદીપ રાવલ એડિટર ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક, જન ફરિયાદ દેશ વિદેશ સાપ્તાહિક અને જન ફરિયાદ ન્યુઝ ચેનલ

ડેઈલી માર્કેટ રિપોર્ટ

# સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ: ક્રૂડ તેલમાં નરમાઈની આગેકૂચ

**નેચરલ ગેસ, મેન્થા તેલમાં ચાલુ સુધારો: કોટનનો વાયદો ઢીલો: પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૫૮૫૩ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૭૧૦૩ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૧૫ કરોડનાં કામકાજ**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ગુરૂવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૮૩,૫૮૯ સોદાઓમાં કુલ રૂ.૧૨,૯૭૧.૭૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૫૮૫૩.૦૫ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૭૧૦૩.૩૧ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૪,૧૮૯ સોદાઓમાં કુલ રૂ.૩,૧૪૦.૭૩ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૪,૭૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૪,૮૩૫ અને નીચામાં રૂ.૫૪,૬૭૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫ ઘટી રૂ.૫૪,૭૫૬ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૪૩ ઘટી રૂ.૪૪,૦૫૫ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨ ઘટી રૂ.૫,૪૧૫ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૪,૩૦૮ના ભાવે ખૂલી, રૂ.૩૨ વધી રૂ.૫૪,૩૫૬ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૮,૯૯૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૯,૨૨૬ અને નીચામાં રૂ.૬૮,૭૧૮ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૫૩ વધી રૂ.૬૯,૧૬૬ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧૪૫ વધી રૂ.૬૯,૧૨૮ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧૪૧ વધી રૂ.૬૯,૧૩૦ બોલાઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૭,૧૯૯ સોદાઓમાં રૂ.૧,૧૨૨.૪૧ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૧૫ ઘટી રૂ.૨૦૭.૪૦ અને જસત ડિસેમ્બર વાયદો રૂ.૪.૨૦ ઘટી રૂ.૨૬૮ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૭.૯૦ ઘટી રૂ.૭૧૯.૮૦ તેમ જ સીસું ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧.૭૫ ઘટી રૂ.૧૮૭ના ભાવ થયા હતા. એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૫,૭૪૩ સોદાઓમાં કુલ રૂ.૧,૫૮૦.૯૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૫૧૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૫૪૨ અને નીચામાં રૂ.૬,૩૮૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૫૫ ઘટી રૂ.૬,૪૬૧ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૯.૭૦ વધી રૂ.૩૯૪.૯૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૯૫ સોદાઓમાં રૂ.૯ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ડિસેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૨૮,૦૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૮,૩૦૦ અને નીચામાં રૂ.૨૮,૦૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૦૦ ઘટી રૂ.૨૮,૧૨૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨.૯૦ વધી રૂ.૧૦૦૭.૧૦ થયો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૨૯૯.૦૭ કરોડનાં ૨,૩૭૩.૫૧૮ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૧,૮૪૧.૬૬ કરોડનાં ૨૬૬.૬૬૩ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૭૧૦.૮૦ કરોડનાં ૧૧,૦૦,૮૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૮૭૦ કરોડનાં ૨૨૨૦૬૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૧.૦૫ કરોડનાં ૩૭૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૭.૯૫ કરોડનાં ૭૭.૭૬ ટનનાં કામકાજ થયાં હતાં.ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૭૫૪.૦૩૦ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૭૨.૬૫૬ ટન, ક્રૂડ તેલમાં ૬૬૪૭૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૩૪૪૯૦૦૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૫૨૭૫ ગાંસડી, મેન્થા તેલમાં ૪૮૮.૧૬ ટનના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૧૫.૪૦ કરોડનાં ૨૦૧ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૧૫,૩૩૯ના સ્તરે ખૂલી, ૮ પોઈન્ટ ઘટી ૧૫,૩૧૮ના સ્તરે હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૭,૧૦૩.૩૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૨૫.૭૬ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૯૭.૧૩ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫,૨૦૪.૫૦ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૪૭૪.૪૫ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૨૮.૭૫ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૬,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૬૬.૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૮૫.૫૦ અને નીચામાં રૂ.૨૧૩ રહી, અંતે રૂ.૨૮.૮૦ ઘટી રૂ.૨૪૮.૬૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩૭.૮૫ ખૂલી, ઊપરમાં રૂ.૪૧.૪૦ અને નીચામાં રૂ.૩૬.૬૫ રહી, અંતે રૂ.૪.૫૫ વધી રૂ.૩૮.૮૦ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૫૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૬૩ અને નીચામાં રૂ.૧૪૧.૫૦ રહી, અંતે રૂ.૪ ઘટી રૂ.૧૫૨ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૭૯૫ ખૂલી, ઊપરમાં રૂ.૨,૦૫૩.૫૦ અને નીચામાં રૂ.૧,૭૭૮.૫૦ રહી, અંતે રૂ.૧૨૩ વધી રૂ.૨,૦૩૭ થયો હતો. સોનું-મિની જાન્યુઆરી રૂ.૫૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૧૨.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૪૩ અને નીચામાં રૂ.૩૮૧.૫૦ રહી, અંતે રૂ.૧૨ ઘટી રૂ.૪૧૩.૫૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૬,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૫૮ ખૂલી, ઊપરમાં રૂ.૩૨૭.૩૦ અને નીચામાં રૂ.૨૪૪.૭૦ રહી, અંતે રૂ.૨૫.૮૦ વધી રૂ.૨૮૯.૨૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૮ ખૂલી, ઊપરમાં રૂ.૨૨ અને નીચામાં રૂ.૧૭.૮૫ રહી, અંતે રૂ.૩.૫૦ ઘટી રૂ.૧૯.૫૦ થયો હતો.

# માણાવદરમાં સમસ્ત વૈષ્ણવ પરિવાર દ્વારા આયોજિત શ્રીમદ ભાગવત કથામાં બે ધારાસભ્યોના સન્માન કરવામાં આવ્યા

માણાવદર,

માણાવદરમાં સમસ્ત વૈષ્ણવ પરિવાર દ્વારા આયોજિત શ્રીમદ ભાગવત કથા ચાલી રહી છે કથા ના વક્તા તરીકે સોનુ ક્રિષ્ન ઠાકોરજી મહારાજ બીરાજી ભગવાનના ગુણગાન અને ધર્મના સર્વ સ્તંભોનું તત્વદર્શી વિવરણ કરી રહ્યા છે. કથામાં આજે ભગવાન શ્રીકૃષ્ણએ પોતાની ટચલી આંગળીએ ગોવર્ધન પર્વત ઉઠાવી વ્રજવાસીઓને ઈન્દ્રના ક્રોપથી બચાવ્યા હતા અને ઈન્દ્રએ મોકલે સાર્વત્રિક વરસાદથી વ્રજ લોકોને બચાવવા ગીરીરાજ પર્વત નીચે આશરો આપ્યો હતો તે પૂર્વે ગીરીરાજ પર્વતને ધરાવેલ ૫૬ ભોગ અને તેનો મહિમા કથાના વક્તા એવા સોનું ક્રિષ્ન ઠાકોરજીએ વ્યક્ત કરી તેની પાછળ રહેલ ધર્મને અભિવ્યક્ત કર્યો હતો કથામાં કાલે રુકમણી વિવાહ નો પ્રસંગ અભિવ્યક્ત કરાશે.



બહુ ઓછા ને ખબર હશે કે રુકમણી એ જ વૈષ્ણવની વહાલી સ્વામીનીજી એટલે કે રાધારાણી પોતે જ છે.ત્રેતા યુગમાં લક્ષ્મીજીએ સીતા બનીને રામનો સાથ આપ્યો હતો. પરંતુ દ્રાપાર યુગમાં તેમને બે બે અતારો લીધા હતા રાધા અને રુકમણી ના દેહમાં લક્ષ્મીજીએ જીવનભર કૃષ્ણનો સાથ નિભાવ્યો છે.આ ભાગવત સપ્તાહમાં ચાલતા આધ્યાત્મિક ચરિત્રોના વિવરણમાં સુદામા ચરિત્ર એ છેલ્લું વ્યાખ્યાન ૨૮મીએ વ્યક્ત થયા પછી તે દિવસની રાત્રીએ આઠ વાગ્યે જસાધાર ગીરની કાનગોપી નો વેશ ભજવતી મંડળી દ્વારા કાનગોપી નો વેશ સંગીત બદ્ધ રીતે ભજવવામાં આવશે.

આ ભાગવત સપ્તાહમાં વૈષ્ણવ સમાજ દ્વારા જુનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા તથા માણાવદરના ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણી એમ બંનેના જાહેર સન્માન કરવામાં આવ્યા હતા. આ સન્માન તેમના હોદ્દા ને લઈને નહીં પરંતુ ચૂંટાયા પછી તેમને તાત્કાલિક આરંભેલી લોકોના પ્રશ્નોની ફરિયાદોને હલ કરવા આદરેલા પ્રયાસોના ભાગરૂપે તેમને નવાજવામાં આવ્યા હતા.

# દિવ્યાંગ બાળકોનો રમતોત્સવ

તાઃ૨૯-૧૨-૨૦૨૨ના રોજ મનો દિવ્યાંગ બાળકોનો રમતોત્સવ સ્મિત ચાઈલ્ડ એજ્યુકેશન એન્ડ ડેવલપમેન્ટ ટ્રસ્ટ,લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ જોધપુર હીલ, ગાયત્રી પરિવાર નારણપુરા દ્વારા યોજાયેલ જેમાં આ પ્રસંગે મા.શ્રીજિતેન્દ્ર પટેલ ધારાસભ્ય નારણપુરા, મ્યુ.કાઉન્સીલર આશાબેન બ્રહ્મભટ્ટ નવરંગપુરા,રૂષીના પટેલ થલતેજ,દર્શનભાઈ નારણપુરા અને ગાયત્રી પરિવાર નારણપુરાના કનુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા તેમજ સ્વ.શ્રીબળદેવભાઈ પટેલના સ્મરણાર્થે મનો દિવ્યાંગ બાળકોને ભોજન તથા મેહુલ પટેલ,ગીરીશ પટેલ તરફથી ઈનામો સ્પોન્સર કરવામાં આવ્યાં હતાં જ્યારે ગાયત્રી



પરિવારના ડૉ.બી.ટી.પટેલ, પરિજનોનો સહયોગ રહ્યો અને બાળકોમાં ઉત્સાહ, પ્રેરણા વધાર્યા હતા તેમજ ડૉ.નીતિનભાઈ નાયક મણીબેન સરકારી હોસ્પિટલ દ્વારા નિઃશુલ્ક દવાઓ, ઉકાળો આપવામાં આવ્યો હતો.

# સદભાવના બળદ આશ્રમમાં ૫૦૦ થી વધુ બળદોને આશ્રય

### સંસ્થાનાં વિશાળ પરીસરમાં ભવિષ્યમાં ૧૦,૦૦૦ બળદોને પ્રવેશ અપાશે

સદભાવના બળદ આશ્રમ દ્વારા બળદોની જીંદગી બચાવવા અપીલ કરવામાં આવી છે. બળદનો ઉપયોગ ખેતીવાડીમાં કરી શકાય છે. તેઓ સ્વભાવે શાંત, કામગરા હોય છે. પ્રાચીન કાળમાં પણ જયારે સાધનોની શોધ થઈ નહોતી, ત્યારે મુસાફરી કરવા તેમ જ માલસામાનની હેરફેર કરવા માટે બળદગાડાનો ઉપયોગ જ કરવામાં આવતો હતો. આમ તો બળદ આપણી સંસ્કૃતિનો વારસો કહેવાય. ઈશ્વરની આવી દુલર્ભ દેન ગૌ વંશ બળદને સદભાવના વૃધ્ધાશ્રમ જીવનભરનો આશ્રય આપશે. ગુજરાતના કોઈપણ ગામ-શહેર,



હાઈવે પર બળદ છુટા, રખડતા, લાચાર-બીમાર કે વયોવૃદ્ધ અવસ્થામાં, અનાથ, નિરાધાર જોવા મળે તો તરત જ સદભાવના વૃધ્ધાશ્રમને જાણ કરવા વિનંતી કરવામાં આવી છે. કોઈ નિરાધાર, નિરાશ્રીત, બીમાર કે રસ્તે રખડતા, કતલખાને જતાં કે ભૂખ-તરસ-બિમારીથી કમોતે મરતા ભવિષ્યમાં ૧૦,૦૦૦ જેટલા બળદોને સદભાવના વૃધ્ધાશ્રમ (રાજકોટ) દ્વારા નિઃશુલ્ક, આજીવન, આશરો આપવામાં આવશે. હાલમાં પણ ૫૦૦ જેટલા બળદોને સદભાવના બળદ આશ્રમ ખાતે આશરો અપાયો છે. જો કોઈ વ્યકિતને આવા કોઈ નિરાધાર બળદ દેખાય તો સંસ્થા દ્વારા ફોન કરીને જાણ કરવાની વિનંતી કરવામાં આવી છે. સદભાવના બળદ આશ્રમ, છતર ગામ, મોરબી હાઈવે, રાજકોટ ખાતે કાર્યરત છે. આપને જો કોઈ નિરાધાર, રસ્તે રઝડતા, બળદો મળે તો સદભાવના બળદ આશ્રમ ટ્રસ્ટ (મો. ૭૬૨૧૦૫૮૯૪૯) પર ફોન કરીને જાણ કરવા જણાવ્યું છે.

# ગાંધીનગર શહેર.જિલ્લા કોંગ્રેસ વિસ્તૃત કારોબારી બેઠક



ગાંધીનગર,

એક બાજુ વિધાનસભાના પરિણામો કોંગ્રેસના વિરુદ્ધમાં આવ્યા છે તે પરિણામોનો સ્વીકાર કરીને કાર્યકર્તાઓ તેમજ

મતદારોમાં આ પરિણામોને લઈને ગંભીર ચર્ચાઓ ચાલી રહી છે. તેવા સમયે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ તેમજ ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના સંયુક્ત ઉપક્રમે 'વિસ્તૃત કારોબારી બેઠક' ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ આદરણીય પ્રમુખશ્રી જગદીશભાઈ ઠાકોરની પ્રેરક અને વિશેષ ઉપસ્થિતિમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી અરવિંદસિંહ સોલંકીના અધ્યક્ષપદે આજે તારીખ ૨૯/૧૨/૨૦૨૨ ને ગુરુવારે બ્રહ્મ સમાજ ભવન સેક્ટર ૧૬ ગાંધીનગર ખાતે યોજાઈ હતી. કારોબારી બેઠકને સંબોધતા પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ ઠાકોરે ચૂંટણીના પરિણામો લઈને ભારતીય જનતા પાર્ટી ઉપર પ્રહારો કરી ભારતીય જનતા પાર્ટી સામે શામ,દામ, દંડ અને ભેદની રીત અપનાવી ચૂંટણીઓ જીતી છે તેવો આરોપ મુક્યો હતો અને આ પરિણામોથી વિચલિત ન થઈ આગામી સમયની રણનીતિની ચર્ચા કરી હતી. જિલ્લા પ્રમુખ અરવિંદસિંહ સોલંકી એ આગામી સમયમાં યોજાનાર' હાથ સે હાથ જોડો યાત્રા 'અભિયાન અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

સદર કારોબારી બેઠકમાં પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખ ડોક્ટર જીતુભાઈ પટેલ, હાથ સે હાથ જોડો યાત્રાના પ્રભારી ભરતભાઈ મકવાણા, ડોક્ટર હિમાંશુ પટેલ,



નિશિતભાઈ વ્યાસ, વખતસિંહ ચૌહાણ, શહેર કોંગ્રેસ પ્રમુખ, શૈલેન્દ્રસિંહ બિહોલ, ગોપાલજી ઠાકોર, તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રીઓ, અંકિત બારોટ, શક્તિ પટેલ, મહિલા કોંગ્રેસ,યુથ કોંગ્રેસ, સેવાદળના કાર્યકરો સહિત જિલ્લા તથા શહેર માંથી મોટી સંખ્યામાં આગેવાનો - કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. તેમ ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ તથા ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિની અખબારી યાદીમાં ઉપપ્રમુખ વિષ્ણુભાઈ પટેલે જણાવ્યું છે.

# આવતીકાલે રીલીઝ થઇ રહેલી ગુજરાતી ફિલ્મ 'તખૂભા ની તલવાર' ઘેરાઇ વિવાદ માં..

ફિલ્મના અમુક સંવાદો સામે રાજપુત સમાજે કરી લાલ આંખ..

નિર્માતા વાંધાજનક સંવાદો દુર કરવા તૈયાર છતાં ફિલ્મ રીલીઝ ન થવા દેવા રાજપુત સમાજની ચીમકી..

ફિલ્મને ભારતીય ફિલ્મ પ્રમાણપત્ર બોર્ડ દ્વારા પ્રમાણિત કરવામાં આવી છે..

ફિલ્મ નિર્માતા અને રાજપુત સમાજ આમને સામને..

ફિલ્મ કોઇપણ સમાજ ને ટાર્ગેટ કરીને નહીં, પરંતુ માત્ર મનોરંજન ખાતર બનાવવામાં આવી હોવાનો નિર્માતા નો દાવો.. છતાં




વાંધાજનક સંવાદો દુર કરવા નિર્માતા ની સંપૂર્ણ તૈયારી..

કોઈપણ વ્યક્તિ એ બંધ બેસતી પાઘડી ન પહેરવા નિર્માતા ની જાહેર વિનંતી..

આ પરીસ્થીતી માં આ ફિલ્મ આવતીકાલે રીલીઝ થશે કે નહીં તે પ્રશ્નાર્થ....

# વીરબાઈ મહિલા કોલેજમાં જાતિય સતામણીના કેસમાં પ્રોફેસર દોષિત, સસ્પેન્ડ કરી દેવાયા

રાજકોટ,તા.૨૯

રાજકોટની માતૃશ્રી વીરબાઇ મહિલા કોલેજમાં જાતિય સતામણીના કેસના મામલામાં તપાસ સમિતિએ પ્રોફેસર સંજય તેરૈયાને દોષિત ઠેરવ્યાં છે. જે પછી સંજય તેરૈયાને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. બે વિદ્યાર્થિનીએ ૩ મહિના પહેલા જાતીય સતામણીની ફરિયાદ કરી હતી. ફરિયાદ બાદ તપાસ સમિતિ દ્વારા તપાસ ચાલી રહી હતી. જે પછી તપાસમાં પ્રોફેસર દોષિત હોવાનું સામે આવ્યુ છે. પ્રોફેસર સામે કાયદાકીય પગલા લેવાની પણ તજવીજ હાથ ધરવામાં આવી છે.

આ પહેલા માતૃશ્રી વીરબાઇ મહિલા કોલેજમાં જાતીય સતામણીના કેસ મામલે પ્રોફેસર સંજય તેરૈયાને ફરજમુક્ત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીનીઓના આક્ષેપ બાદ તપાસ કમિટીની રચના કરવામાં આવી હતી. જેથી તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી ફરજમુક્ત કરવામાં આવ્યા હતા. મહત્વનું છે કે બે વિદ્યાર્થિનીએ ત્રણ મહિના પહેલા જાતીય સતામણીની ફરિયાદ કરી હતી. ફરિયાદ બાદ તપાસ સમિતિ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.રાજકોટ શહેરની માતૃશ્રી વીરબાઈ મહિલા કોલેજમાં ગુરૂ શિષ્યનો સંબંધ લજવાયાનો બનાવ સામે આવ્યો હતો. કોલેજમાં જ અભ્યાસ કરતી બે વિદ્યાર્થિનીઓએ સાયન્સના પ્રોફેસર સંજય તેરૈયા સામે ગંભીર આક્ષેપ કર્યા હતા.




'ગુજરાત દર્પણ' (અમેરિકા) સંચાલિત

શ્રીમતી ભગવતી શાહ સેવા સંકુલ, નડિયાદ

આશીર્વાદ સેવા સંકુલ, ડાકોર - મોરલીધર પ્રેસ પ્રા. લિ. નડિયાદ

'યુઝડ (વપરાયેલ) કપડાં પ્રદર્શન-વિતરણ'

એક નંગ કપડાં દીઠ ફક્ત રૂ.૨૫/-



જરૂરિયાતમંદો તેમની પસંદગીના કપડાં ટોકન ચાર્જમાં ખરીદી શકે અને વધુમાં વધુ તેનો લાભ લઈ શકે તેવા શુભઆશયથી આ વસ્ત્રસેવાનું આયોજન થાય છે.

ડાકોર શહેરના સુખી-સમૃદ્ધ અને એનઆરઆઇ પરિવારોને નમ્ર અરજ છે કે આપના પરિવારજનોના જુના-વપરાયેલ કપડાં (સારી કન્ડીશન્ડ)વાળા અમોને આપી વસ્ત્રદાન સેવાના પૂણ્યભાગી બનો.

દર માસની ૧ લી તારીખે, સાંજે : ૫ થી ૭ કલાકે, સ્થળ : સાર્વજનિક લાયબ્રેરી, ડાકોર


## સંસ્થા સમાચાર

### કાંદિવલીમાં ત્રિકુંડિય મહારૂદ્ર યાગ (યજ્ઞ) -

કાંદિવલી પશ્ચિમમાં ઈરાનીવાડીના હેમુકલાની ક્રોસ રોડ નંબર બે ખાતેના રાધીકા દર્શનમાં ગૌસેવા અને ગોશાળાના હિતાર્થે તા. ૬-૧-૨૦૨૩, શુક્રવાર થી તા. ૮-૧-૨૦૨૩, રવિવારના ત્રણ દિવસ સવારે આઠથી બાર અને બપોરે બેથી છ સુધી ત્રિકુંડિય મહારૂદ્ર યાગનું આયોજન કરાયું છે. આ પ્રસંગે જાહેર જનતા મહારૂદ્ર યજ્ઞનો લાભ લઇ શકે છે. મુખ્ય યજમાન પ્રવીણચંદ્ર હરિલાલ સંઘવી પરિવાર છે. આયોજકો નીજાનંદ રૂદ્રી મંડળ અને રાધીકા મિત્ર મંડળ છે. બીડુ હોમવાનો સમય રવિવારે, તા. ૮-૧-૨૦૨૩ સાંજે પાંચ વાગ્યે છે.

### જરૂરિયતમંદ વિદ્યાર્થીઓને સેન્ડ કરો. કોઈને કામ લાગશે

વિક્રમ સારાભાઇ શિષ્યવૃતિ યોજના

ધોરણ ૮ ના વિદ્યાર્થીઓ માટે ચાર વર્ષના સમયગાળામાં કુલ ૧,૦૦,૦૦૦/- ( એક લાખ રૂપિયા) ની શિષ્યવૃત્તિ જેમાં ધો.૯ માં ૨૦ હજાર, ધો.૧૦ માં ૨૦ હજાર, ધો.૧૧ માં ૩૦ હજાર અને ધો. ૧૨ માં ૩૦ હજાર રૂપિયા એમ કુલ ૪ વર્ષ માં ૧ લાખ ની સહાય યોજના બહાર પાડવામાં આવેલ છે...આ શિષ્યવૃતિ યોજનાની સંપૂર્ણ ડીટેઈલ આ સાઇટ માં આપેલ છે અને ઓનલાઈન ફોર્મ પણ આ 'સાઇટ http://bit.ly/3GkcUo7' મારફતે ૨૦ જાન્યુઆરી ૨૦૨૨ સુધી ભરી શકાશે. ઉપયોગી માહિતી આગળ શેર વધુ ને વધુ શેર કરો..

# કબૂતરબાજી કૌભાંડમાં ૫ નકલી પાસપોર્ટ પકડાયા

અમદાવાદ,તા.૨૯

ગેરકાયદે રીતે અમેરિકા મોકલવાના કબૂરબાજીના કૌભાંડના મુખ્ય સૂત્રધાર ભરત ઉર્ફે બોબી રામભાઈ પટેલની ચાંદલોડિયા ખાતેની ઓફિસમાંથી મળી આવેલા ૭૯ પાસપોર્ટમાંથી ૫ પાસપોર્ટ નકલી હોવાનું પુરવાર થયું છે. જેના આધારે બોબી સહિત અમદાવાદના ૪, ગાંધીનગરના ૪, મુંબઈના ૩, દિલ્હીના ૫ અને અમેરિકાના ૧ વ્યક્તિ મળીને ૧૮ જણાં સામે વધુ એક ગુનો સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવ્યો છે. બોબી અને તેના સાગરીતો વિરુદ્ધ ક્રાઈમ બ્રાંચમાં નોંધાયેલા ગુનાની તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલને સોંપવામાં આવી હતી. જેમાં પોલીસે તેની ઓફિસમાંથી પાસપોર્ટ, વિઝા તેમજ તે માટે જરુરી ડોકયુમેન્ટસ કબજે કર્યા હતા. જેથી બોબી સહિતના આરોપીઓ સામે સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનમાં કબૂતરબાજીનો બીજો ગુનો નોંધવામાં આવ્યો છે.

તો આ તરફ રાજ્યમાં પાંચ હજારથી વધારે બોગસ પાનકાર્ડ ઝડપાયા. એક જ નામે કે પછી ભળતા નામે સંખ્યાબંધ પાનકાર્ડ કઢાવીને ટેક્સની મોટાપાયે ચોરી કરાતી હોવાનું કૌભાંડ ઉજાગર થયું છે. આવકવેરા વિભાગે માર્ચ ૨૦૨૩ સુધીમાં આધારકાર્ડ સાથે પાનકાર્ડ નંબર લિંક કરવાનું ફરજિયાત કર્યું છે. આધારકાર્ડ અને પાનકાર્ડના નંબરો લિંક થતા સમગ્ર ગેરરીતિનો ખુલાસો થયો છે. અમદાવાદના આંબાવાડી અને વેજલપુર સ્થિત પ્રત્યક્ષ કર ભવનમાં રોજ અનેક અરજીઓ પાનકાર્ડ કેન્સલ કરાવવા માટે આવી રહી છે.

# શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત અમદાવાદ ખાતે શ્રમિક ભોજન કેન્દ્રનું ઉદ્‌ઘાટન કરતા શ્રમ અને રોજગાર મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુત અને રાજ્યમંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતી

અમદાવાદ,

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે શ્રમિકોને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, અમદાવાદના કુલ ૨૮ કડિયાનાકા પર શ્રમિક ભોજન કેન્દ્રોની શરૂઆત આજથી થઈ છે,

આજે મને આપ સૌને ભોજન પીરસ્તા ખૂબ જ આનંદ થયો અને વિચાર આવ્યો કે ગુજરાત રાજ્ય સરકારની આ એક ઉપલબ્ધિ જ છે કે ફક્ત રૂ.૫ નાં નજીવા દરે આપને અને આપના પરિવારને ભોજનનો લાભ મળશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અન્નપૂર્ણા યોજનાથી અત્યાર સુધી રાજ્યના કુલ ૧ લાખ ૮૩ હજાર લોકોએ લાભ લીધો છે, અને નવા શરૂ કરાયેલ આ ૨૮ ભોજન કેન્દ્ર પરથી ૧૦ હજારથી વધુ લોકોને આ યોજનાનો લાભ થશે.

વધુમાં ઉમેર્યું હતું કે, ૫૦થી વધુ શ્રમિકોને આ યોજનાનો લાભ બાંધકામ સાઈટ પર જ ટિફિન ડિલિવરી મારફતે મેળવી શકાશે, સાથે સાથે કોઈપણ શ્રમિક ઈ - નિર્માણ કાર્ડ મારફતે પોતાના પરિવાર માટે એક સમયનું ભોજન પણ મેળવી શકે છે. સાથેજ અમદાવાદના કુલ ૨૮ અને ગાંધીનગરમાં ૧ એમ કુલ ૨૯ કડિયાનાકા પર ૭૫ હજાર જેટલા ભોજન પર વિતરણ કરાશે. આ તમામ બાબતો મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના સફળ નેતૃત્વ હેઠળ જ શક્ય બન્યું છે. તેમ તેઓએ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લખનીય છે કે, ગુજરાત રાજ્યના મકાન અને અન્ય બાંધકામ શ્રમિકો માટે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા તાઃ ૦૮/૧૦/૨૦૨૨થી કુલ ૨૨ કડિયાનાકા શ્રમિક અન્નપૂર્ણા યોજના



**અમદાવાદના ૨૮ ભોજન કેન્દ્ર પરથી ૧૦ હજારથી વધુ શ્રમિકોને લાભઃ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત**

**બાંધકામ સ્થળ પર ૫૦થી વધુ શ્રમિકોને અન્નપૂર્ણા યોજનાનો લાભ ડિલિવરી મારફતે ઉપલબ્ધ કરાશેઃ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુત**

અંતર્ગત ભોજન પૂરું પાડવામાં આવે છે. જેમાં કુલ ૧ લાખ ૮૩ હજાર કરતાં વધારે શ્રમિકોએ આ યોજનાનો લાભ લીધો છે.

શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો લાભ લેવા માટે બાંધકામ શ્રમિકે પોતાનું ઈ - નિર્માણ કાર્ડ લઈ શ્રમિક અન્નપૂર્ણા યોજનાના ભોજન વિતરણ કેન્દ્ર પર જઈ ક્યુ.આર.કોડ સ્કેન કરી રૂ.૫/- નો ટોકન પ્રાપ્ત કરવાનો રહેશે અને ત્યારબાદ જે તે શ્રમિક ભોજન પ્રાપ્ત કરી શકશે.

રાજ્યમંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિ

આ પ્રસંગે મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ના સફળ નેતૃત્વ અંતર્ગત આજે અમદાવાદમાં શ્રમિકો માટે ૨૮ ભોજન કેન્દ્રની શરૂઆત થઈ છે, તે ગુજરાતના લોકો અને શ્રમિકો માટે ખૂબ જ ગર્વની બાબત છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આવનારા દિવસોમાં ગુજરાતમાં શ્રમિકો માટે અને અન્ય વર્ગો માટે વિકાસની દિશામાં વધુ કામ થાય તેવી યોજનાઓ શરૂ કરીશું.

સાથે સાથે તેમણે ઉમેર્યું હતું કે, અન્ય રાજ્યની સરખામણીમાં ગુજરાતમાં ખૂબ જ નજીવા દરે શ્રમિકોને ભોજન અપાય છે, અન્ય રાજ્યોમાં શ્રમિકોને રૂ.૧૦ માં ભોજન અપાય છે ત્યારે અહીંયા શ્રમિકોને ફક્ત રૂ. ૫ માં ભોજન અપાય છે, જે સરકારની ખુબ જ મોટી ઉપલબ્ધિ છે.અંતે બંને મંત્રીશ્રીઓએ શ્રમિકો સાથે ભોજનનો સુખદ આસ્વાદ પણ માણ્યો હતો. અને સાથેજ ધનવંતરી આરોગ્યરથની મુલાકાત પણ લીધી હતી.આ કાર્યક્રમમાં આઇ.એ.એસ, અગ્રસચિવ શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, શ્રી અંજુ શર્મા, સભ્ય સચિવ, ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ શ્રી પી.વી. વસૈયા, મદદનીશ શ્રમ આયોગ શ્રી આર.ડી.પટેલ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

-મિતેષ સોલંકી, પ્રાદેશિક માહિતી વિભાગ, અમદાવાદ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.